અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ એપ્રિલ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૧૪ | અંક : ૨૭૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકાના ભણતા ભારતીય વિદ્યાર્થીઓના વિઝા પર સંકટ

। (એજન્સી) અમેરિકા, તા.૧૦ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના દેશમાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ સહિત અનેક દેશોના વિદ્યાર્થીઓની મુશ્કેલી વધારી છે. ટ્રમ્પ અમેરિકી સંસદ (કોંગ્રેસ)માં નવું બિલ લઈને આવ્યા છે, જેના કારણે ત્યાં અભ્યાસ કરતા અનેક દેશોના વિદ્યાર્થીઓના વિઝા, નોકરી અને ભવિષ્ય પર સંકટ ઘેરાયું છે. રિપોર્ટ મુજબ આ બિલનું નામ ફેરનેસ ફોર હાઈ-સ્કિલ્ડ અમેરિકન્સ એક્ટ ઓફ ૨૦૨૫ છે અને તેને કોંગ્રેસમેન પોલ ગોસરે ગૃહમાં રજૂ કર્યું છે. વાસ્તવમાં ટ્રમ્પ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામને સંપૂર્ણ ખતમ કરવા માટે આ બિલ લાવ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જો બિલ પાસ થઈ જશે તો અમેરિકામાં અભ્યાસ કર્યા બાદ કામ કરવાની ઈચ્છા રાખનારા અન્ય દેશોના લાખો વિદ્યાર્થીઓનું સપનું રોડાઈ જશે.

### કેનેડામાં પંજાબીઓનું પ્રભુત્વ ઘટાડવા ચાર ગુજરાતી નેતાઓ મેદાનમાં

। (એજન્સી) કેનેડા, તા.૧૦ ।

કેનેડાના રાજકારણની વાત આવે એટલે પંજાબીઓ યાદ આવ્યા વિના નથી રહેતા. ભારત બહાર પંજાબીઓની સૌથી વધુ વસ્તી જો ક્યાંય હોય તો એ કેનેડામાં છે. પંજાબીઓ કેનેડાના દરેક ક્ષેત્રે અગ્રેસર છે, જેમાં રાજકારણનો પણ સમાવેશ થાય છે. હવે એક બીજો ભારતીય સમુદાય પણ કેનેડાના રાજકારણમાં પગરણ માંડી રહ્યો છે, અને એ સમુદાય છે ગુજરાતી. એપ્રિલ મહિનાના અંતમાં કેનેડામાં સામાન્ય ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ ચૂંટણી અગાઉ ઓક્ટોબરમાં યોજાનાર હતી, પણ ડોનાલ્ડ ટ્રમ્પની અઘરી વિદેશ નીતિઓને કારણે ખોરવાઈ રહેલી અર્થ-વ્યવસ્થાને સંભાળવા માટે કેનેડાએ વહેલી ચૂંટણીઓ યોજી છે. ચાર ગુજરાતીઓ આ ચૂંટણીમાં ભાગ લેવા જઈ રહ્યા છે, જેમાં બે કેનેડાના ટોચના રાજકીય પક્ષના ઉમેદવાર છે જ્યારે કે બે અપક્ષ છે. સંજીવ રાવલ - તાંઝાનિયામાં જન્મેલા સંજીવ રાવલ ૨૦ વર્ષથી વધુ સમયથી કેનેડામાં સ્થાયી છે. તેમની માલિકીના અનેક સ્ટોર્સ છે. તેઓ લિબરલ પાર્ટી વતી ચૂંટણી લડશે. જયેશ બ્રહ્મભટ્ટ - વ્યવસાયે સિવિલ એન્જિનિયર એવા જયેશ બ્રહ્મભટ્ટ કેનેડાના રિયલ એસ્ટેટ ક્ષેત્રનું મોટું માથું ગણાય છે.

### કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી

# સુપ્રીમ કોર્ટ ૧૬ એપ્રિલે નવા વક્ફ કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે

**જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે**

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૦ ।

ભારતના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે. આ અંગેની માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર આપવામાં આવી છે. જે અનુસાર, જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે. કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં 'કેવિયેટ' દાખલ કરીને આ મામલે કોઈપણ આદેશ આપતા પહેલા સુનાવણીની વિનંતી કરી હતી. સુનાવણી વિના કોઈ પણ આદેશ પસાર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, પક્ષકાર દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરવામાં આવે છે. આનો અર્થ એ થયો કે તેમને સાંભળ્યા વિના કોઈ પણ આદેશ પસાર ન કરવો જોઈએ. ભારતના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે.



આ અંગેની માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર આપવામાં આવી છે. જે અનુસાર, જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે. કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં 'કેવિયેટ' દાખલ કરીને આ મામલે કોઈપણ આદેશ આપતા પહેલા સુનાવણીની વિનંતી કરી હતી. સુનાવણી વિના કોઈ પણ આદેશ પસાર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે,પક્ષકાર દ્વારા હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરવામાં આવે છે. આનો અર્થ એ થયો કે તેમને સાંભળ્યા વિના કોઈ પણ આદેશ પસાર ન કરવો જોઈએ.

### અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર યુદ્ધે એક નવો વળાંક લીધો

# ટ્રેડવોર વચ્ચે લવ લેટર ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગને ગણાવ્યા દુનિયાના સૌથી સ્માર્ટ




। (એજન્સી) અમેરિકા, તા.૧૦ ।

અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર યુદ્ધે એક નવો વળાંક લીધો છે. અમેરિકાએ ચીનની આયાત પર ૧૨૫% ટેક્સ લાદ્યો છે. વળી, ચીને અમેરિકન ઉત્પાદનો પર જવાબી કાર્યવાહી કરતાં ૮૪% ટેરિફ લગાવ્યો છે. આ વધતા તણાવ વચ્ચે અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગના વખાણ કરી લોકોને ચોંકાવી દીધા છે. ત્યારથી જ ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, શું ચીનની જવાબી કાર્યવાહીથી ટ્રમ્પ બેકફૂટ પર આવી ગયા છે?

વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગને દુનિયાના સૌથી સમજદાર લોકોમાંથી એક જણાવ્યા. તેમણે કહ્યું કે, 'શી જિનપિંગ એક સ્માર્ટ વ્યક્તિ છે અને અમે એક ખૂબ જ સારો કરાર કરીશું. તે જાણે છે કે શું કરવાનું છે અને તે પોતાના દેશને ખૂબ પ્રેમ કરે છે.'

આ સાથે ટ્રમ્પે એવો પણ સંકેત આપ્યો કે, તે શી જિનપિંગ સાથે વાટાઘાટો માટે તૈયાર છે અને ચીન દ્વારા અમેરિકાનો ફાયદો નથી ઉઠાવવામાં આવતો. તેમણે કહ્યું કે, 'મને લાગે છે કે, અમેરિકામાં રોકાણ કરવું સૌથી શ્રેષ્ઠ રોકાણ હશે. કોઈપણ સમયે આપણને ચીનથી કૉલ આવી શકે છે અને વાટાઘાટો શરૂ થશે. 'જોકે, ટ્રમ્પ પ્રશાસને ૯૦ દિવસ માટે તમામ દેશો પર લાગેલા જવાબી ટેરિફને સ્થગિત કરી દીધો છે પરંતુ, ચીનને તેનાથી બહાર રાખવામાં આવ્યું છે. ટ્રમ્પે ચીન પર વૈશ્વિક વ્યાપારના નિયમો પ્રતિ સન્માનની કમીનો આરોપ લગાવતા નિર્ણય લીધો હતો. ચીને જવાબી કાર્યવાહી કરતા અમેરિકાના ૮૪% ટેક્સનો જવાબી પ્રહાર કર્યો છે. ચીને કહ્યું કે, આ બ્લેકમેલિંગનું અન્ય એક ઉદાહણ છે. ચીની વાણિજ્ય મંત્રાલયે તીખા શબ્દોમાં કહ્યું, 'અમેરિકાનું આ પગલું પોતાની સૌથી મોટી ભૂલ છે. જો અમેરિકા પોતાના રસ્તા પર અડગ રહ્યું તો ચીન પણ છેલ્લે સુધી લડી લેશે.ટેરિફના આ તણાવની અસર વૈશ્વિક બજારો પર જોવા મળી હતી. અમેરિકા અને એશિયાના બજારોમાં પણ ભારે કડાકો નોંધાયો હતો, જેણે અનેક વર્ષોનો રેકોર્ડ તોડી દીધો હતો. જોકે, ૯૦ દિવસ ટેરિફ મુલતવી રાખવાની જાહેરાત બાદ બજારમાં રિકવરીના સંકેત મળ્યા છે. ચીને અમેરિકાના આરોપોને નકારતા કહ્યું કે, તે ટેરિફની ધમકીઓ સામે ઝૂકવાનું નથી અને અમને છેલ્લાં આઠ વર્ષથી અમેરિકા સાથે વ્યાપાર તણાવનો અનુભવ છે.

### ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીથી ફરી મોટા યુદ્ધના એંધાણ

# ઈરાન વિરુદ્ધ અમેરિકા સૈન્ય કાર્યવાહી કરવા માટે તૈયારી દાખવી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવા માટે સંમત નથી એટલા માટે અમે તેની સામે સૈન્ય કાર્યવાહી કરવા તૈયાર છીએ. ટ્રમ્પે કહ્યું કે ઈરાન સામે કોઈપણ સૈન્ય કાર્યવાહીમાં ઈઝરાયલ મુખ્ય ભૂમિકા ભજવશે.ટ્રમ્પે કહ્યું કે ઈરાનને પરમાણુ શસ્ત્રો રાખવાની મંજૂરી આપી શકાય નહીં અને જો તે વિકાસના પ્રયાસોને રોકવાનો ઈનકાર કરી રહ્યો છે તો સૈન્ય કાર્યવાહી માટે તૈયાર રહે. ઓવલ ઓફિસમાં અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા બાદ ટ્રમ્પે પત્રકારો સમક્ષ આ ધમકી આપી હતી. ટ્રમ્પે કહ્યું કે મારી માગ એટલી જ છે કે ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો ન હોવા જોઈએ. જો તે સંમત ન થાય અને એની સામે અમારી સૈન્ય કાર્યવાહી કરવી પડે તો અમે તૈયાર છીએ. સ્વાભાવિક છે કે ઈઝરાયલ ઈરાન સામેની કાર્યવાહીની સ્થિતિમાં અમારું નેતૃત્વ કરશે.

### લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા અપીલ કરાઈ

# મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યુ, રાષ્ટ્રપતિ શાસન લાગુ થવા છતાં સ્થિતિ બેકાબૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા છતાં પરિસ્થિતિ કાબુમાં આવી રહી નથી. મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ચુરાચાંદપુર જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ચુરાચાંદપુર અને કાંગવાઈ, સમુલામલન, સાંગાઈકોટ સબ-ડિવિઝનના બે ગામોમાં ૧૭મી એપ્રિલ સુધી સંપૂર્ણ કર્ફ્યુ નિયમો લાગુ રહેશે, પરંતુ બાકીના વિસ્તારોમાં, આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ માટે ૧૭મી એપ્રિલ સુધી સવારે ૬થી સાંજે ૫ વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટ આપવામાં આવશે. અહેવાલો અનુસાર, ૧૮મી માર્ચે ચુરાચાંદપુરમાં જોમી અને હમારના સમર્થકો સામસામે આવી ગયા હતા. બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. એક વ્યક્તિએ મોબાઈલ ટાવર પર ચઢીને જોમી ધ્વજ ઉતારી જમીન પર ફેંકી દીધો, જેના કારણે વિવાદ થયો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બંને ગામના અધિકારીઓએ એક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો. લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા અપીલ કરાઈ હતી. આ બેઠકમાં બીજો નિર્ણય લેવામાં આવ્યો કે બંને ગામો વચ્ચે જમીનના વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવામાં આવશે.

### કુદરતી આફતને લીધે મધુબની, બેસૂસરાય અને દરભંગા જિલ્લામાં તબાહી

# બિહારમાં કમોસમી વરસાદની સાથે વીજળી ત્રાટકી, ૧૫નાં મોત

। (એજન્સી) પટના, તા.૧૦ ।

બિહારના ત્રણ જિલ્લામાં મોસમી વરસાદની સાથે વીજળીની પડવાની જુદી-જુદી ઘટનાઓમાં ઓછામાં ઓછામાં ૧૫ લોકોના મોત થયા છે. પોલીસના કહેવા મુજબ સૌથી વધુ પાંચ લોકોના મોત બેસૂગરાય જિલ્લામાં થયા છે. જ્યારે મધુબની જિલ્લામાં પિતા અને પુત્રી સહિત ત્રણ લોકોના મોત થયા છે. દરભંગા જિલ્લામાં એક વૃદ્ધ વ્યક્તિનું મોત થયું છે. આ ઉપરાંત આ ત્રણેય જિલ્લામાં જુદી-જુદી જગ્યાએ આઠ લોકોના મોત થયાના અહેવાલ સાંપડી રહ્યા છે. બુધવારે સવારે ભારે પવન, વરસાદ અને કરા પડવાને લીધે ઉત્તર બિહારના મધુબની, બેસૂસરાય અને દરભંગા જિલ્લાના વિવિધ ભાગોમાં તબાહી મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ મધુબની જિલ્લાના ઝંઝારપુર ક્ષેત્રમાં જુદી-જુદી જગ્યાએ વીજળી ત્રાટકવાને લીધે ત્રણ લોકાના મોત થયા છે. મૃતકોમાં એક જ પરિવારના પિતા-પુત્રી અને અન્ય પરિવારની એક મહિલા સામેલ છે.

# ટેરિફ મુદ્દે વાત કરવામાં ભારત સૌથી આગળ

। (એજન્સી) અમેરિકા, તા.૧૦ ।

અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ૧૨૫ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લેવાની સાથે અન્ય દેશો પર લાગુ ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપવાની જાહેરાત કરી છે. તેમજ ઘણા દેશો અમેરિકા સાથે ટેરિફ અને વેપાર મુદ્દે ચર્ચા કરવા તૈયાર હોવાનું પણ જણાવ્યું છે. જેમાં ભારત અગ્રણી હોવાની પ્રશંસા પણ કરી હતી. અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે બુધવારે (૯ એપ્રિલ) વ્હાઈટ હાઉસમાં એક પ્રેસ બ્રિફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, ભારત એક એવો દેશ છે, જે અમારી સાથે ટેરિફ મુદ્દે વાત કરવા અગ્રેસર છે. જ્યારે બીજી તરફ ચીને અમેરિકાના ટેરિફ પર સામો ટેરિફ લાદતાં તેના પર ટેરિફની ટકાવારી વધારી ૧૨૫ ટકા કરવા નિર્ણય લીધો છે. કારણકે, ચીન વૈશ્વિક બજારમાં ખોટી રીતે બિઝનેસ કરે છે. ચીનની અર્થવ્યવસ્થા અસંતુલન પેદા કરી રહી છે. ટેરિફ માત્ર ચીન માટે નહીં, પણ એવા દેશો માટે છે, જે વેપાર નિયમોનું ઉલ્લંઘન કરે છે. નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે ભાર મૂક્યો હતો કે, આ પ્રકારના પગલાંથી ચીન જેવા દેશો પર સૌનું ધ્યાન જશે, જે ગ્લોબલ ઈકોનોમીમાં અસંતુલન પેદા કરી રહ્યો છે. ટેરિફની જાહેરાતો વચ્ચે વેપાર મુદ્દે અમારી મુખ્ય વાતચીત ભારત, જાપાન અને સાઉથ કોરિયા સાથે થઈ રહી છે. આ તમામ ચીનના પાડોશી દેશ છે. અમારી સાથે ટેરિફ મુદ્દે વાત કરવા તૈયાર તમામ દેશોને અમે સમર્થન આપીએ છીએ, તેઓ પોતાનો પ્રસ્તાવ મૂકશે, અને અમે રિવોર્ડ પણ આપીશું. અમે તેમના માટે ટેરિફ ઘટાડી ૧૦ ટકા કરવા વિચારી રહ્યા છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, વિશ્વ ચીનની તરફ નહીં, પરંતુ અમેરિકા તરફ જોઈ રહ્યું છે. કારણકે, તેમને આપણા બજારની જરૂર છે.

# ઈઝરાયલ પર ભડક્યું UN, ગાઝામાં ૧ મહિનાથી નાકાબંધી

। (એજન્સી) યુએન, તા.૧૦ ।

યુએન જનરલ સેક્રેટરીએ ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટીની નાકાબંધીની સખત નિંદા કરી છે અને તેને એક એવું કૃત્ય ગણાવ્યું છે જેણે દહેશત ફેલાવી દીધી છે. તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે અને ઈઝરાયલની કડક નિંદા કરી છે. એન્ટોનિયો ગુટેરેસે મંગળવારે ન્યૂયોર્કમાં યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટરમાં ટિપ્પણીમાં કરતા કહ્યું કે, એક મહિનાથી વધુ સમય વીતી ચૂક્યો છે અને ગાઝામાં સહાયનું એક ટીપું પણ નથી પહોંચ્યું. ખોરાક, બળતણ, દવા, કમર્શિયલ પુરવઠો કંઈ જ નથી પહોંચ્યું. મદદ ખતમ થઈ ગઈ હોવાથી દહેશતના દરવાજા ખુલી ગયા છે. ગાઝા એક હત્યાનું મેદાન છે અને નિઃસહાય લોકો ક્યારેય ન સમાપ્ત થતા ડેથ લૂપમાં ફસાયા છે. ગુટેરેસની ટિપ્પણીઓ ગાઝામાં ગંભીર માનવીય પરિસ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્ર તરફથી સૌથી મજબૂત મેસેજમાંથી એક છે. તમને જણાવી દઈએ કે, બુધવારે પણ ગાઝામાં સતત હુમલા ચાલું રહ્યા હતા. ગાઝા શહેરના પૂર્વમાં શેજૈયામાં એક હવાઈ હુમલામાં ૮ મહિલાઓ અને ૮ બાળકો સહિત ઓછામાં ઓછામાં ૨૩ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૬૦ લોકો ઘાયલ થયા હતા. આ વિસ્તારમાંથી મળી આવેલા ફૂટેજમાં એક રહેણાંક ઈમારત ધરાશાયી થતી દેખાઈ રહી છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે કહ્યું કે આ હમાસના એક સીનિયર આતંકવાદી પર હુમલો હતો, પરંતુ તેમણે તેનું નામ નથી જણાવ્યું. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે હુમલાથી લગભગ ૨૦૦ મીટર દૂર રહેતા એક રહેવાસીએ કહ્યું કે વિસ્ફોટ સમયે હું જમીન પર ઢળી પડ્યો હતો. ડોક્ટર્સનું કહેવું છે કે, મોટા પાયે દુર્ઘટનાઓના કારણે હોસ્પિટલો પર દબાણ વધી રહ્યું છે.



### ઉત્થાન પ્રોજેક્ટ અંતર્ગત સરકારી શાળાઓના ઉત્કર્ષ તરફ ગુજરાતની આટલી શાળાઓમાં પ્રથમ પ્રયોગ

# અદાણી ફાઉ. દ્વારા વૈદિક ગણિત અને એબેક્સ કાર્યક્રમની કચ્છમાં નવતર પહેલ






। મુન્દ્રા, તા.૧૦ ।

કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાની શાળાઓમાં અદાણી ફાઉન્ડેશનના ઉત્થાન પ્રોજેક્ટ અંતર્ગત વેદિક ગણિત અને ઍબેકસ કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ કચ્છ કોપર પ્રાઈવેટ લિમિટેડના સહયોગ અને એજ્યુપ્રો લર્નિંગના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયો છે.

વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યેનો ડર દૂર કરવો, મનગમતી પદ્ધતિઓ દ્વારા અભ્યાસમાં રસભર્યા ફેરફાર લાવવો અને ભવિષ્ય માટે મજબૂત પાયો રચવાનો આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ છે. જે માટે ઉત્થાન, અદાણી ફાઉન્ડેશન દ્વારા એજ્યુપ્રો લર્નિંગ, મુંબઈ સાથે ૩ વર્ષનો MoU કરવામાં આવ્યા છે. ઍબેકસ કાર્યક્રમ ધોરણ ૫ થી ૭ના વિદ્યાર્થીઓ માટે અને વેદિક ગણિત ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓ માટે શરૂ કરાયું છે. ઍબેકસ વિદ્યાર્થીઓમાં મૌખિક ગણિતની ક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે, જ્યારે વેદિક ગણિત તેમને ઝડપી અને સરળ ગણિત પદ્ધતિઓ શીખવે છે.

આ પ્રોજેક્ટના અમલ માટે ઉત્થાન સહાયકોને એજ્યુપ્રો લર્નિંગ દ્વારા તબક્કા પ્રમાણે ૧૦ દિવસનું વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે. ઉત્થાન સહાયકો દ્વારા દિવાળી વેકેશનથી વેદિક ગણિત અને અબેકસની જુદી જુદી પદ્ધતિઓ શાળાઓમાં અમલમાં મૂકી છે. ૨૦૦૦થી વધુ ધોરણ ૫ થી ૭ના અને ૧૦૦૦થી વધુ ધોરણ ૮ તથા ૯ના વિદ્યાર્થીઓને ઍબેકસ અને વેદિક ગણિતની સંપૂર્ણ કીટ અદાણી ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવી છે અને તેના દ્વારા વિદ્યાર્થીઓને આ વિષય શીખવા ખૂબ જ સરળ રહ્યા છે. બાળકોને ગણિત વિષય પર પકકડ જમાવવી એ ખૂબ જ જરૂરી છે. તેથી બાળકોને અત્યારથી જ એ માટે તૈયાર કરવા અદાણી ફાઉન્ડેશન કટ્ટીબધ્ધ છે. આ પહેલ થક્કી શાળામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક અને સ્કોલરશીપ પરીક્ષાઓ જેવીકે જવાહર નવોદય વિધ્યાલય (JNV ધોરણ ૫), કોમન એંટ્રેસ ટેસ્ટ (CET, ધોરણ ૫) પ્રાઈમરી સ્કોલરશોપ એકસામ (PSE ધોરણ ૬), નેશનલ મિન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS ધોરણ ૮) અને જ્ઞાન સાધના જેવી વિવિધ પરીક્ષાઓમાં ખૂબ જ ઉપયોગી થશે.

ઍબેકસ અને વેદિક ગણિતનો વિકાસ માત્ર ગણિત પૂરતો મર્યાદિત નથી; આ વિદ્યાર્થીઓમાં લોજિકલ થિંકિંગ અને જીવનના વિવિધ ક્ષેત્રોમાં પ્રભાવશાળી નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવે છે. સાથે જ, આ પદ્ધતિઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મજબૂત પાયો પૂરો પાડે છે.

## સુરતમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો મોટો પ્રમાણમાં પકડાયો

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો મોટો પ્રમાણમાં પકડાયો છે. શહેરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના કારખાના બાદ હવે ગોડાઉન ઝડપાયું છે. ગોડાઉનમાંથી રૂપિયા ૧.૮૪ કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. ગોડાઉનમાંથી ૧,૭૧૦ બોક્સમાં ૧,૨૩,૧૨૦ બોબીન મળી આવી છે. રૂપિયા ૧૫૦ની કિંમતની એક બોબીન છે. તમને જણાવી દઈએ LCB ઝોન ૪એ દરોડા પાડીને આ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું ગોડાઉન ઝડપી પાડ્યું છે અને શહેરમાં કારખાના બાદ ગુપ્ત ગોડાઉનનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. કારખાનામાં ચાઈનીઝ દોરી બનાવ્યા બાદ ગોડાઉનમાં પેકિંગ કરતા હતા.

### સમારોહ પંડિત દિન દયાળ ઓડિટોરિયમ ખાતે સાંજે ૫:૪૫ કલાકે યોજાશે

## પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૨ સ્કૂલ બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરાશે

### વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૨ શાળાના ૧૭૩ ક્લાસરૂમ ૩૪.૪૭ કરોડના ખર્ચે બનાવાશે

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૨ સ્કૂલ બિલ્ડીંગનું ખાતમુહૂર્ત તા.૧૦ ના રોજ કરવામાં આવશે. જેનો સમારોહ પંડિત દિન દયાળ ઓડિટોરિયમ ખાતે સાંજે ૫:૪૫ કલાકે યોજાશે. જેતલપુરની રામકૃષ્ણ પરમહંસ શાળા, નિઝામપુરાની મહારાણી લક્ષ્મીબાઈ શાળા, ગોરવાની સાવરકર હિન્દી શાળા, અકોટા ગામની ડો.હેડગેવાર શાળા, અકોટાની જ હેડગેવાર હિન્દી શાળા, એકતાનગરની રંગ અવધૂત શાળા, સૈયદ વાસણાની રાજા રામમોહનરાય શાળા, નાગરવાડાની જલારામ બાપા શાળા, હરણી રોડની સ્વામી વિવેકાનંદ શાળા, વાઘોડિયા રોડની લાલ બહાદુર શાસ્ત્રી શાળા અને વાડી બંબથાણાની જગદીશચંદ્ર બોઝ શાળાના મકાન નવા બનાવાશે. કુલ ૧૭૩ ક્લાસરૂમ બનાવવામાં આવશે.

જેનો ખર્ચ ૩૪.૪૭ કરોડ થશે. આ ઉપરાંત ફતેપુરાની કવિ સુન્દરમ શાળા, કિશનવાડીની વલ્લભાચાર્ય શાળા, નિઝામપુરાની મહર્ષિ અરવિંદ શાળા, કરોડીયાની મહર્ષિ વાલ્મિકી શાળા, સલાટ વાડાની માં વીરબાઈ શાળાના ૯૧ ક્લાસરૂમ સાથેની નવી શાળાની બિલ્ડીંગો તથા સયાજીપુરામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માટે ૨૦૦ ગર્લ્સની કેપેસિટીનું બિલ્ડીંગ તૈયાર કરાયું છે. આ તમામનો ખર્ચ ૧૭.૯૮ કરોડ થયો છે. આ તમામનું આવતીકાલે લોકાર્પણ થશે. શિક્ષણ સમિતિની હાલ ૧૧૯ પ્રાથમિક શાળા, ૧૦ માધ્યમિક શાળા અને ૧૦૦ બાલવાડી છે, જેમાં ૫૦,૦૦૦ થી પણ વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

### ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર

## સિંચાઈ માટે એક મહિનો વહેલું પાણી મળશે, ૧૩ લાખ ધરતીપુત્રોને મળશે લાભ

### આ વર્ષે આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે ૧૫ મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો

। (એજન્સી) નર્મદા, તા.૧૦ ।

નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો આગોતરૂં આયોજન કરીને પાકનું વાવેતર અને ઉત્પાદન વધારી શકે તે માટે મુખ્યમંત્રીએ આ વર્ષે આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે ૧૫ મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે.

સામાન્ય રીતે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ સિઝન માટે ૧૫ જૂન પછી પાણી છોડવામાં આવતું હોય છે. ખેડૂતોને જો સિંચાઈ માટે વહેલું પાણી આપવામાં આવે તો તેઓ વધુ ઉત્પાદન મેળવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની શકે. કિસાન હિતકારી નિર્ણયને પગલે ખેડૂતો ખાસ કરીને કપાસ જેવા પાકોનું આગોતરૂં આયોજન ખેડૂતો કરી શકશે. એટલું જ નગી, ઉત્પાદન વધારા માટે આગોતરી વાવણી પણ કરી શકશે.

આ ખેડૂત હિતકારી નિર્ણયથી સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારના આશરે ૧૩ લાખ ધરતીપુત્રોને સિંચાઈ સુવિધાનો સીધો લાભ મળશે. પાક વહેલો થવાથી તેમને બજારમાં સારી ઉત્પાદન કિંમત મળશે તેમજ વધુ ઉત્પાદન થતા ખેડૂતોની આવકમાં પણ વૃદ્ધિ થશે.

## કમાલપુર ગામમાં રઝડતા પશુએ વૃદ્ધ પર હુમલો કર્યો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૦ ।

રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. રખડતા ઢોરને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યો છે. ત્યારે રાજ્યમાં પશુ નિયંત્રણનો કાયદો માત્ર કાગળ પર હોય તેમ વિવિધ શહેરોમાં રખડતા ઢોરનો ત્રાસ હજુ પણ યથાવત છે. પશુ પાલકોની બેદરકારીનો ભોગ નિર્દોષ લોકો બની રહ્યા છે. ગુજરાત સરકારે ઢોર નિયંત્રણ પોલિસી અમલમાં મુકી હોવા છતાં એકાંતરે એવું બને છે કે રખડતા પશુનો ભોગ કોઈને કોઈ વ્યક્તિ બન્યું હોય.રખડતા પશુઓની સમસ્યા હવે માથાનો દુખાવો બની ગઈ છે. રાજ્યમાં રોજ પશુઓના ત્રાસની ઘટનાઓ ઘટી રહી છે. અનેક લોકો તેનો ભાગ બની રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં પણ પશુનો ત્રાસ સામે આવ્યો છે.

### ડાંગ જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધ્યો

## આહવા, સુબીરઅને વઘઇમાં ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું

। (એજન્સી) ડાંગ, તા.૧૦ ।

રાજ્યનાં અન્ય ભાગોની જેમ હવે ડાંગ જિલ્લામાં પણ ગરમીનું મોજુ ફરી વળ્યું છે.ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપ માનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે,જેના કારણે ડાંગી જનજીવન ત્રાહિમામ પોકારી ઉઠ્યું છે. આજે જિલ્લાના મુખ્ય મથકમાં આહવા, સુબીર અને વઘઈમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારામાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળ્યો હતો અને સાપુતારામાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ. બીજી તરફ સાપુતારાની તળેટીમાં આવેલ શામગહાન ખાતે લઘુત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.જે દર્શાવે છે કે રાત્રિના સમયે પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉનાળાની શરૂઆત સાથે જ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં આટલા ઊંચા તાપમાનના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. ખાસ કરીને રોજીંદી મજૂરી કરતા અને બહાર કામ કરતા લોકો ગરમીથી ખૂબ જ પરેશાન છે. ગરમીના કારણે ડિહાઈડ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ વધી શકે છે.

### સનાતન સમિતિ ગુજરાત ગ્રુપના નામે છેતરપિંડી

## બોટાદમાં સમૂહ લગ્નના યુગલો અને વેપારીઓ સાથે મોટી છેતરપિંડી થઈ

### આયોજકો દ્વારા વર અને કન્યા પક્ષ બંને પાસેથી રૂપિયા ૨૦ ૨૦ હજાર નોંધણી ફી અને ખર્ચ પેટે લેવામાં આવ્યા હતા

। (એજન્સી) બોટાદ, તા.૧૦ ।

બોટાદમાં સમૂહ લગ્નના યુગલો અને વેપારીઓ સાથે મોટી છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. બોટાદમાં યોજાયેલ સમૂહ લગ્નમાં મોટી ભેટ સોગાતો આપવાના બહાના હેઠળ યુગલ દીઠ ૪૦,૦૦૦ લઈ આયોજકોએ હાથ ઊંચા કર્યા. બોટાદમાં ૩૧ યુગલો લગ્ન બાદ વસ્તુઓ નહીં મળતા છેતરાયા હોવાનો અનુભવ કરી રહ્યા છે. એક વ્યક્તિએ રૂપિયા ૪.૪૬ લાખની રકમની છેતરપિંડીની ફરિયાદ આયોજક વિરુદ્ધ કરી. ગઠિયાઓ અવનવા કીમિયા કરી લોકોને છેતરવાનું ચૂકતા નથી.થોડા દિવસો પહેલા ભાવનગર જિલ્લામાં યોજાયેલ સમૂહમાં આયોજકો દ્વારા વર કન્યા પક્ષ સાથે છેતરપિંડી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બોટાદમાં પણ "સનાતન સમિતિ ગુજરાત ગ્રુપ"નામે સંસ્થા બનાવી સમૂહ લગ્નનું આયોજન કર્યું. યુગલોને લગ્નમાં જોડાવા માટે આકર્ષક જાહેરાત કરવામાં આવી. યુગલો મોટી રકમ આપી લગ્નમાં જોડાયા પણ ખરા. લગ્ન કરી જાન ઘરે પણ પહોંચી ગઈ પરંતુ હજી સુધી વર કન્યા પાછળનો કરિયાવર નથી આવ્યો. બોટાદમાં ૨ ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાયેલ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નમાં જોડાવા માટે ૩૧ યુગલો નોંધાયા હતા. આયોજકો દ્વારા વર અને કન્યા પક્ષ બંને પાસેથી રૂપિયા ૨૦ ૨૦ હજાર નોંધણી ફી અને ખર્ચ પેટે લેવામાં આવ્યા હતા. આયોજકો દ્વારા લગ્ન વાંચુક યુગલોને ૧૧૧ વસ્તુઓ કરિયાવરમાં ભેટમાં આપવાની જાહેરાત કરી હતી. ત્યારે બોટાદ શહેરમાં મોટાભાઈ સમૂહ લગ્નનું આયોજન થયું.

## છોટાઉદેપુર જીલ્લાની શાળોમાં ઓરડાનો અભાવ

। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૧૦ ।

છોટા ઉદેપુર જીલ્લો શૈક્ષણિક દ્રષ્ટિએ કોઈને કોઈક કારણોસર ચમકતો રહે છે, જેને લઈને જીલ્લાના ગરીબ આદિવાસી બાળકોના ભણતર પર તેની અસર પડી રહી છે.જીલ્લામાં કેટલીક શાળાઓના ઓરડા નથી જેના કારણે શાળાના વિદ્યાર્થીઓને ક્યાંક ખુલ્લામાં તો કેટલીક ઠેકાણે વૈકલ્પિક જગ્યાએ અભ્યાસ કરવાની ફરજ પડી છે. આવી જ શાળા છે બોડેલી તાલુકા કાશીપુરાની. બોડેલી તાલુકાના કાશીપુરા ખાતે ૧૧૧ વર્ષ જૂની પ્રાથમિક શાળા આવેલી છે. જે શાળામાં હાલ ૧ થી ૮ ધોરણમાં અને ૨૬૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળામાં ૮ ઓરડા ખૂબ જૂના હતા.જેને લઈને તંત્ર દ્વારા આ ઓરડા તોડી નાખવા માટે મંજૂરી આપતા એક વર્ષ અગાઉ આ ઓરડા તોડી નાખવામાં આવ્યા હતા.

**વિશેષ** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી(GCCI)ના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'GATE 2025'નો શુભારંભ કરાવ્યો

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI)ના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'GATE 2025'નો શુભારંભ

। (માહિતી) અમદાવાદ ।

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ)ના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'GATE 2025'નો શુભારંભ કરાવ્યો હતો. 'GATE 2025'ના સોવેનિયરનું આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ એક્સ્પોની મુલાકાત લઈને ટ્રેડ એક્ઝિબિશન નિહાળ્યું હતું. ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોબોધન કરતા જણાવ્યું હતું કે શ્રી કસ્તુરભાઈ શેઠ દ્વારા સ્પથાપાયેલી જીસીસીઆઈનો ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં મોટો ફાળો રહ્યો છે. છેલ્લાં ૭૫ વર્ષથી આ સંસ્થા વેપાર ઉદ્યોગોના વિકાસની સાથે સાથે જનતાના હિતો તથા કુદરતી આફતોમાં સતત કામગીરી કરીને પોતાનું યોગદાન આપી રહી છે.

જીસીસીઆઈ તેની ૭૫થી ૧૦૦ વર્ષની યાત્રાનો રોડમેપ તૈયાર કરીને ગુજરાતના વિકાસ સાથે તેને સંરેખિત કરીને આગળ વધે એમ જણાવીને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે ટ્રેડિંગ ચેઈનમાં ડિજિટલાઈઝેશન, યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું સ્ટાર્ટ અપ સાથે જોડાણ, પાયોનિયર ઈન્ડસ્ટ્રી સાથે આનુષાંગિક ઈન્ડસ્ટ્રીનો વિકાસ સહિતની બાબતો વિશે આવનારા સમયમાં જીસીસીઆઈ આધુનિક અભિગમ સાથે કામગીરી કરે તથા સરકાર અને ઉદ્યોગો વચ્ચેની મહત્વની કડી બને અને પોલિસી મેકિંગમાં પોતાનું યોગદાન આપે તે અપેક્ષિત છે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ટ્રેડથી ટેકનોલોજી, આઈટીથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને MSMEથી સ્ટાર્ટ અપ




સુધીની દરેક ઈન્ડસ્ટ્રીને અનુરૂપ વાતાવરણ તથા જરૂરી સંસાધનોની ઉપલબ્ધતાના કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે.

દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ હંમેશા જીસીસીઆઈ અને ઉદ્યોગોને સાથે લઈને તેમના સૂચનોને પ્રાધાન્ય આપીને રાજ્યમાં સાનુકૂળ ઔદ્યોગિક વાતાવરણ સ્થાપેલું. તેમનું માનવું રહ્યું છે કે ઉદ્યોગો મજબૂત બને તો અર્થતંત્ર આપોઆપ મજબૂત બને છે, તેમની એવી વિચારધારાને શ્રી ભૂપેન્દ્રભાઈ આજે સુપેરે આગળ ધપાવી રહ્યા છે તેનો આનંદ શ્રી અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ગુજરાત આજે ગ્લોબલ ઈકોનોમીનો ગેટ વે બન્યું છે એમ જણાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશ અને રાજ્યની વિવિધ સીમાચિહ્નરૂપ ઉપલબ્ધિઓ અને સિદ્ધિઓ વર્ણવી હતી.

ટ્રેડ એક્સ્પો 'GATE 2025'નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌને મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરીને અમૃત કાળમાંથી કર્તવ્ય કાળમાં પ્રવેશ કરી રહ્યો છે. જીસીસીઆઈ પણ તેની સ્થાપના ૭૫ વર્ષ પૂર્ણ કરીને અમૃતકાળમાં પ્રવેશી રહ્યું છે એ સુભગ સંયોગ છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ ટ્રેડ એક્સ્પોની થીમ 'ગુજરાતનું વિઝન, ગ્લોબલ એમ્બિશન' એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભારતને ઈકોનોમિક અને ઈન્ડસ્ટ્રીયલ ગ્લોબલ લીડર બનાવવાના સંકલ્પને અનુરૂપ છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ રાજ્યમાં વેપાર ઉદ્યોગોના વિકાસના સર્વગ્રાહી ઉદ્દેશ સાથે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરાવી હતી. જીસીસીઆઈ એ સમયથી જ સરકાર અને વેપાર-ઉદ્યોગો વચ્ચે સેતુરૂપ બની છે.

સરકારની નીતિઓ, પોલિસી અને બજેટ સહિતની બાબતો વિશે ઉદ્યોગોને માહિતગાર કરવામાં તથા ઉદ્યોગોના પ્રશ્નો સરકારના ધ્યાને લાવીને રાજ્યમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સ્થાપવામાં જીસીસીઆઈ હંમેશા કાર્યરત રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના ત્રીજા કાર્યકાળમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યો છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનોથી મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નવી ઊર્જા મળી છે. આજે વિશ્વભરની કંપનીઓ ભારતને ગ્લોબલ માર્કેટને બદલે મેન્યુફેક્ચરિંગ હબ તરીકે જુએ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





સ્લોવાકિયાના બ્રાતિસ્લાવા ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્લોવાક બાળકો દ્વારા બનાવેલા ચિત્રોના પ્રદર્શનની મુલાકાત લીધી.

## ન્યૂઝ બ્રિફ

### બ્રિટનમાં ચાલી રહેલા કેસમાં ભારતીય બેન્કોની જીત થઇ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાને બ્રિટનમાં મોટો આંચકો લાગ્યો છે. ભારતીય બેંકોના એક જૂથે (કોન્સોર્ટિયમ) માલ્યા સામે યુકેમાં નાદારીના આદેશને સમર્થન આપવા માટે કોર્ટમાં અપીલનો કેસ જીત્યો છે. બેંકોના જૂથનું નેતૃત્વ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કરે છે. ભારતીય બેંકો તેઓ તેમની યુકેની મિલકતોમાંથી તેમની બાકી લોન વસૂલ કરી શકે તે માટે માલ્યાને નાદાર જાહેર કરવા માટે યુકે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. પરંતુ માલ્યાએ નાદારીના આ આદેશ સામે અપીલ કરી હતી. ત્યારે હવે બ્રિટિશ કોર્ટે ભારતીય બેંકોની તરફેણમાં નિર્ણય કર્યો છે. આનાથી માલ્યા સામે નાદારીનો આદેશ અકબંધ રહેશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં ભારતીય બેંકોના એક સંઘે બુધવારે વિજય માલ્યા સામે નાદારીના આદેશને સમર્થન આપવા લંડનમાં તેની કોર્ટની અપીલ જીતી લીધી હતી. નોંધનીય છે કે આ બાબત બંધ થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સ પાસેથી બાકી લોનની ચુકવણી માટે લાંબી કાનૂની લડાઈ સાથે સંકળાયેલી છે. હાઈકોર્ટના ન્યાયાધીશ એન્થોની મેને બેંકોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને અપીલની સુનાવણી કરવાની મંજૂરી આપી હતી. તે જ સમયે, ૬૯ વર્ષીય ઉદ્યોગપતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલની પરવાનગી માંગતી બે અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. વિજય માલ્યાને છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપસર ભારતમાં ભાગેડુ અને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

### AAP અને BJPના ધારાસભ્યો વચ્ચે છુટ્ટા હાથની મારામારી

। (એજન્સી) જમ્મ, તા.૧૦ ।

જમ્મુ-કાશ્મીરની વિધાનસભામાં ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ છુટ્ટા હાથની મારમારી થઈ છે. ગઈકાલે (૯ એપ્રિલ) બનેલી આ ઘટના બાદ AAPએ આક્રોષ વ્યક્ત કર્યો છે અને પાર્ટીના કાર્યકર્તાઓ રસ્તા ઉપર આવી દેખાવો કરી રહ્યા છે.ડોડા જિલ્લાના AAP ધારાસભ્ય મેહરાજ મલિકે દાવો કર્યે છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં બુધવારે ભાજપના ધારાસભ્યોએ તેમની સાથે મારામારી કરી હતી. ત્યારબાદ મલિક અને તેમના સમર્થકો રસ્તા પર આવી ઉગ્ર પ્રદર્શનો કરી રહ્યા છે. મલિકે આક્ષેપ કર્યો છે કે, ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જમ્મુમાં મોટાભાગની બેઠકો જીતી, જોકે ભાજપ ધારાસભ્યો જનતાની સેવા કરવાના બદલ પોતાનું ઘર ભરી રહ્યા છે. તેમણે કહ્યું કે, ‘હું જમ્મુનો એકમાત્ર ધારાસભ્ય છું અને હું પ્રજા સાથે જોડાયેલા મુદ્દાઓ વિધાનસભામાં ઉઠાવવા માંગતો હતો. તેમણે આક્ષેપ કર્યો છે કે, વિધાનસભામાં મને મુદ્દા ઉઠાવતા રોકવામાં આવ્યો અને મારી સાથે મારામારી પણ કરવામાં આવી.’ તેમણે બુધવારે થયેલી મારામારીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ‘હું વિધાનસભામાં PDPના ધારાસભ્યો સાથે ચર્ચા કરી રહ્યો હતો.

### પહેલા દોરડાં સાથે ખેંચાયો, પછી દોરડું છટક્યું

# રાજસ્થાનમાં હોટએર બલૂન શોમાં ૮૦ ફૂટ ઉપરથી પડતાં યુવકનું મોત

## પ્રાથમિક તપાસમાં બલૂન ઓપરેટર અને તેના કર્મચારીઓની ભૂલ સામે આવી રહી છે

। (એજન્સી) રાજસ્થાન, તા.૧૦ ।

રાજસ્થાનમાં બલૂન શો દરમિયાન એક યુવક ૮૦ ફૂટ ફંચાઈથી નીચે પટકાતા મોતને ભેટ્યો હતો. આ બલીનમાં સ્કૂલના બાળકો બેસવાના હોવાની માહિતી બહાર આવી છે. આ બનાવની વિગત મુજબરાજસ્થાનના બારાનના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં હોટએર બલૂન શો દરમિયાન બાંધેલા દોરડાથી કર્મચારી લટકીને હવામાં જતો રહ્યો. પ્રાથમિક તપાસમાં બલૂન ઓપરેટર અને તેના કર્મચારીઓની ભૂલ સામે આવી રહી છે આ દરમિયાન બલૂન સાથે બાંધેલું દોરડું તૂટી ગયું અને કર્મચારી લગભગ ૮૦ ફૂટની ઊંચાઈએથી નીચે પડી ગયો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું. બારાન જિલ્લાનો આજે સ્થાપના દિવસ છે. સ્થાપના દિવસને લઈને ત્રણ દિવસના મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજે જિલ્લાની સ્કૂલનાં નાનાં બાળકોને હોટ એર બલૂનમાં બેસાડવાનાં હતાં. સવારે



હોટ એર બલૂનનું ઉદ્ઘાટન સ્થાનિક ધારાસભ્ય રાધેશ્યામ બેરવાએ કર્યું હતું. તેઓ તેમના થોડા સાથીઓ સાથે હોટ એર બલૂનમાં બેઠા પણ હતા.ત્યાર બાદ જ્યારે ફરી આ હોટ એર બલૂન થોડા લોકો સાથે ઊડવા માટે તૈયાર થયું. આ દરમિયાન હોટ એર બલૂન સંચાલકનો કર્મચારી વાસુદેવ ખત્રી(૪૦)એક દોરડાને પકડીને હવામાં ઊડવા લાગ્યો. બલૂન ઝડપી હવામાં ગયું જેથી દોરડા ઉપર દબાણ વધ્યું અને દોરડું તૂટી ગયું. દોરડું તૂટવાની સાથે જ હવામાં લટકેલો કર્મચારી લગભગ ૮૦ ફૂટની ઊંચાઈએથી નીચે પડી ગયો. જેથી તે ગંભીર રીતે ઘાયલ થયો. કર્મચારીને તાત્કાલિક શહેરની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો. આ પછી પોલીસે કોટાના રહેવાસી વાસુદેવ ખત્રીના મૃતદેહને હોસ્પિટલના શબઘરમાં રાખ્યો. આ યુવક બલૂન ઓપરેટર માટે સહાયક અને ટેક્નિકલ સ્ટાફ તરીકે કામ કરતો હતો. આ સમગ્ર ઘટનાની પ્રાથમિક તપાસમાં બલૂન ઓપરેટર અને તેના કર્મચારીઓની ભૂલ સામે આવી રહી છે. આ ઘટના પછી બારાન સ્થાપના દિવસનો રંગારંગ કાર્યક્રમમાં પણ ભંગ પડ્યો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આજે આયોજિત થનારા કાર્યક્રમોમાં ફેન્સી ડ્રેસ સહિતના કેટલાક કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરે આ મામલે તપાસના આદેશો જાહેર કર્યા છે. આ ઘટના અંગે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ પોલીસ એફઆઈઆર પણ દાખલ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર મૃતકોના પરિવારના સભ્યોને પણ મળશે.

### સમુદ્રમાં ભારતની તાકાત વધશે

# ભારત રૂ.૬૪,૦૦૦ કરોડના ખર્ચે ફ્રાન્સ પાસેથી ૨૬ મરીન જેટ રાફેલ ખરીદશે

## છેલ્લાં ઘણા વર્ષોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોમાં સુધારો થયો છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS)એ ફ્રાન્સ સાથે ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટની ખરીદી માટે લગભગ રૂ. ૬૪,૦૦૦ કરોડ (૬.૬ બિલિયન યુરો)ના મોટા સોદાને મંજૂરી આપી છે. આ વિમાનો સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંતના ડેક પરથી કાર્યરત થશે. ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર પર હસ્તાક્ષર થયાના લગભગ પાંચ વર્ષ પછી જેટની ડિલિવરી શરૂ થશે. આ મેગા ડીલ હેઠળ ભારતીય નૌકાદળને રાફેલ (મરીન) જેટના ઉત્પાદક, દસોલ્ટ એવિએશન પાસેથી વેપન સિસ્ટમ અને સ્પેરપાર્ટ્સ સહિત સંબંધિત સહાયક ઉપકરણો પણ મળશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૨ સિંગલ-સીટ રાફેલ-એમ જેટ અને ચાર ડબલ-સીટ ટ્રેનર પ્લેન માટે આગામી થોડા દિવસોમાં કરાક કરવામાં આવશે. જેમાં શસ્ત્રો, સિમ્યુલેટર, ક્રૂ તાલીમ અને પાંચ વર્ષનો પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સ સપોર્ટ



શામેલ છે.ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ઘણા વર્ષોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોમાં સુધારો થયો છે. જુલાઈ ૨૦૨૩માં ભારત અને ફ્રાન્સે જેટ અને હેલિકોપ્ટર એન્જિનના સંયુક્ત વિકાસ સહિત અનેક ક્રાંતિકારી સંરક્ષણ સહયોગ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. બંને વ્યૂહાત્મક ભાગીદારોએ અન્ય દેશોના લાભ સહિત અદ્યતન સંરક્ષણ તકનીકોના સહ-વિકાસ અને સહ-ઉત્પાદનમાં સહયોગ કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. સંરક્ષણ મંત્રાલયે લગભગ બે વર્ષ પહેલાં ભારતની નૌકાદળની શક્તિને વધુ મજબૂત બનાવવા માટે ત્રણ સ્કોર્પિન સબમરીન ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી. જોકે, CCSએ હજુ સુધી આ પ્રોજેક્ટને મંજૂરી આપી નથી. ભારતીય નૌકાદળના પ્રોજેક્ટ ૭૫ હેઠળ ફ્રાન્સના નેવલ ગ્રુપના સહયોગથી માઝગોન ડોક લિમિટેડ (MDL) દ્વારા ભારતમાં છ સ્કોર્પિન સબમરીનનું નિર્માણ થઈ ચૂક્યું છે.કેન્દ્રીય મંત્રીમંડળે ૦૨૫-૨૦૨૬ સમયગાળા માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY)ની પેટા-યોજના તરીકે કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ અને વોટર મેનેજમેન્ટ (M-CADWM)ના આધુનિકીકરણને મંજૂરી આપી હતી, જેનો પ્રારંભિક ખર્ચ રૂ. ૧,૬૦૦ કરોડ છે. આ યોજનાનો ઉદ્દેશ્ય સિંચાઈ પાણી પુરવઠા નેટવર્કના આધુનિકીકરણનો છે જેથી હાલની નહેરો અથવા અન્ય સ્ત્રોતોમાંથી સિંચાઈનું પાણી નિયુક્ત ક્લસ્ટરમાં પૂરું પાડી શકાય. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, તે ખેડૂતો દ્વારા સ્થાપિત સ્ત્રોતથી ખેતરોના દરવાજા સુધી, ૧ હેક્ટર સુધી, ભૂગર્ભ દબાણયુક્ત પાઈપ સિંચાઈ સાથે સૂક્ષ્મ સિંચાઈ માટે મજબૂત બેક-એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવશે.

### કેન્દ્ર સરકારની નિકાસકરોને ચેતવણી

# નિકાસકારોએ બીજા દેશનો માલ ભારત મારફત અમેરિકામાં નિકાસ કરવાની ભૂલ કરવી જોઈએ નહીં

## અમેરિકાએ ચીનમાંથી આયાત થતી પ્રોડક્ટ્સ પર કુલ ૧૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી જેથી ચીન નિકાસ માટે વૈકલ્પિક માર્કેટની શોધમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્ર સરકારે ગઈકાલે બુધવારે દેશના નિકાસકારોને કડક ચેતવણી આપી છે. જેમાં તેમણે બીજા દેશનો માલ ભારતના માર્ગે અમેરિકા ન મોકલવા અપીલ કરી છે. જો આમ થયું તો તેના ખરાબ પરિણામો ભોગવવા તૈયાર રહેવા ચેતવણી આપી છે. અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા ટ્રેડવૉરને ધ્યાનમાં લેતાં વાણિજ્ય મંત્રાલયે આ એલર્ટ જાહેર કર્યું હતું. તેમણે અમેરિકા સાથે ચાલી રહેલા વેપાર મંત્રણાઓને સુરક્ષિત રાખવા તેમજ સંભવિત જવાબી કાર્યવાહીથી બચવા માટે આ એલર્ટ આપ્યું હોવાનું જણાવ્યું છે. વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલના નેતૃત્વ હેઠળ નિકાસકારો સાથે યોજાયેલી બેઠકમાં સરકારે વિશ્વાસ અપાવ્યો હતો કે, વિદેશી



માલનું ડમ્પિંગ રોકવા માટે આયાત પર ખાસ દેખરેખ રાખવી પડશે. તેમજ નિકાસકારોએ બીજા દેશનો માલ ભારત મારફત અમેરિકામાં નિકાસ કરવાની ભૂલ કરવી જોઈએ નહીં. કારણકે, તેનાથી અમેરિકા નારાજ થઈ શકે છે. ભારત અને અમેરિકા વેપાર કરાર પર અસર થઈ શકે છે. આ એલર્ટ એવા સમયે આવ્યું છે કે, જ્યારે અમેરિકાએ ચીનમાંથી આયાત થતી પ્રોડક્ટ્સ પર કુલ ૧૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.

### ધારાસભ્ય પન્ના લાલ પટેલના ભાણેજ હતા

# બિહારમાં જેડીયુ નેતાની ગોળી મારી હત્યા કરાઇ

। (એજન્સી) બિહાર, તા.૧૦ ।

બિહારમાં જેડીયુ નેતાની ગોળી મારી હત્યા કરી દેવાયાનો મામલો સામે આવ્યો છે. ખગરિયા જિલ્લાના બેલદોરથી જદયુના ધારાસભ્ય પન્નાલાલ સિંહ પટેલના ભાણેજ કૌશલ સિંહની બુધવારે સાંજે બદમાશોએ ગોળી મારી હત્યા કરી દીધી હતી. આ ઘટના ચૌથમ પોલીસ સ્ટેશનની હાદમાં આવતા ગોડાઉન નજીક બની હતી. મૃતકની ઓળખ જેડીયુના જિલ્લા મહાસચિવ કૌશલ સિંહ તરીકે થઈ હતી. હત્યાનું કારણ પારિવારિક વિવાદ મનાઈ રહ્યું છે. ઘટના બાદ એસ.પી.એ નેક્ટર હોસ્પિટલ પહોંચીને તપાસ હાથ ધરી હતી. કૌશલ સિંહની પત્નીનું કહેવું છે કે હું અને મારો પતિ બાઈક પર ગોડાઉન જઈ રહ્યા હતા. તે સમયે નેશનલ હાઈવે નંબર ૧૦૭ પર મારા પતિનો ભત્રીજો ત્યાં આવી પહોંચ્યો અને તેણે સીધી ગોળી ધરબી દીધી. ઘટના બાદ તાત્કાલિક ધોરણે કૌશલ સિંહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરોએ સારવાર વચ્ચે તેમને મૃત જાહેર કરી દીધો હતો. ઘટના બાદ એસપી ખુદ નેક્ટર હોસ્પિટલ પહોંચી ગયા હતા અને સમગ્ર મામલાની તપાસ શરૂ કરી હતી.

### હરિયાણા સરકારે આપી હતી ચોઈસ

# વિનેશ ફોગાટે સરકારી નોકરી છોડીને ૪ કરોડની કેશ પ્રાઈઝ પસંદ કરી હતી

## તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો, ૨૦૨૪ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી લડીને જુલાના બેઠક જીતી હતી

। (એજન્સી) હરિયાણા, તા.૧૦ ।

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ દરમિયાન ચર્ચામાં આવેલી ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટ વિશે એક મોટો ખુલાસો થયો છે. ઓલિમ્પિકમાંથી ડિસક્વોલિફિકેશનના વિવાદ પછી, વિનેશે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લઈને બધાને ચોંકાવી દીધા. ત્યારબાદ, તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૨૦૨૪ ની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી લડીને જુલાના બેઠક જીતી. તાજેતરમાં, હરિયાણા સરકારે તેમની સમક્ષ ત્રણ વિકલ્પો મૂક્યા હતા, હવે એક અપડેટ આવી છે કે વિનેશે એક વિકલ્પ પસંદ કર્યો છે. વિનેશ ફોગાટે ૪ કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારનો વિકલ્પ પસંદ કર્યો છે. આ સંદર્ભમાં,




હરિયાણા સરકારના રમતગમત વિભાગને એક પત્ર મોકલવામાં આવ્યો છે, જેના પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે. એક અહેવાલ મુજબ, જુલાના બેઠકના ધારાસભ્ય વિનેશ ફોગાટે ગયા મહિને બજેટ સત્રમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. વિનેશે કહ્યું કે સરકારે તેના માટે ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ સમકક્ષ એવોર્ડની જાહેરાત કરી હતી, પરંતુ ૮ મહિના પછી પણ તેનું સન્માન કરવામાં આવ્યું નથી.

# સેન્ટો ડોમિંગોમાં એક નાઈટ ક્લબની છત તૂટી પડતા ઓછામાં ઓછા ૧૮૪ લોકોના મોત

## અચાનક નાઈટ ક્લબની છતથી સીમેન્ટ પડવા લાગ્યો અને જોત જોતામાં તો છત ધસી પડી કાટમાળ નીચે દટાયા લોકો

। (એજન્સી) સેન્ટો ડોમિંગો, તા.૧૦ ।

ડોમિનિકન રિપબ્લિકની રાજધાની સેન્ટો ડોમિંગોમાં એક નાઈટ ક્લબની છત તૂટી પડતા ઓછામાં ઓછા ૧૮૪ લોકોના મોત થયા છે. આ દર્દનાક અકસ્માતમાં સેંકડો લોકો ઘાયલ પણ થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે સેન્ટો ડોમિંગોની જાણીતી જેટ સેટ નાઈટ ક્લબ સોમવારે અને મંગળવારની રાત દરમિયાન ગાયકો, સંગીત પ્રેમીઓ, એથલીટ અને સરકારી અધિકારીઓથી ખિચોખીસ ભરેલી હતી. મંચ પર મેરેંગ્યુ ગાયિકા રુબી પેરેઝનું પરફોર્મન્સ ચાલુ હતું



અને અચાનક નાઈટ ક્લબની છતથી સીમેન્ટ પડવા લાગ્યો અને જોત જોતામાં તો છત ધસી પડી. કાટમાળ નીચે દટાયા લોકો અધિકારીઓના જણાવ્યાં મુજબ છત તૂટી પડવાથી ડાન્સ ફ્લોર પર નાચતા ઓછામાં ઓછા ૧૮૪ લોકો મોતને ભેટ્યા અને અનેક લોકો કાટમાળ નીચે દટાયા. તેમણે જણાવ્યું કે અકસ્માતમાં સેંકડો લોકો ઘાયલ થય છે. ઈમરજન્સી અભિયાનના ડાયરેક્ટર મેન્યુઅલ મેન્ડીઝે જણાવ્યું કે બચાવ ટુકડી કાટમાળમાં દટાયેલા એવા લોકોને શોધી રહી છે જેમના જીવિત હોવાની સંભાવના છે. મેન્ડીઝે કહ્યું કે અમે કાટમાળ નીચે લોકોને શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે માત્ર ૫૪ લોકોની જ હજુ સુધી ઓળખ થઈ શકી છે. અધિકારીઓએ કહ્યું કે ૨૮ મૃકોની લાશ તેમના પરિજનોને સોંપી દેવાઈ છે. કાટમાળમાંથી ૧૪૫ લોકોને કાઢી ચૂકાયા છે અને તેમને વિવિધ હોસ્પિટલોમાં ખસેડાયા છે. રાહત અને બચાવ કાર્યોમા મદદ માટે પ્યુર્ટો રિકો અને ઈઝરાયેલથી બચાવ ટુકડી પણ ડોમિનિકન ગણરાજ્ય પહોંચી છે. નાઈટ ક્લબની છત પડવાના કારણો હજુ સ્પષ્ટ નથી. નાઈટ ક્લબની ઈમારતનું છેલ્લે ક્યારે નીરિક્ષણ કરાયું હતું તે અંગે કોઈ જાણકારી સામે આવી નથી. નાઈટ ક્લબે એક નિવેદન બહાર પાડીને કહ્યું કે તે અધિકારીઓને સહયોગ કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ લુઈસ અબિનાડરે અકસ્માત પર દુખ વ્યક્ત કર્યું છે.

### રેલવેએ કહ્યું- માંગણી સ્વીકારવી અસંભવ

# લોકો પાયલટ્સને જમવા-ટોઇલેટ માટે બ્રેક આપવાની માગ ફગાવી

## રેલવેએ હાઈ સ્પીડ ટ્રેનોની લિમિટ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરી દીધી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ઈન્ડિયન રેલવેએ લોકો પાયલટ્સની લાંબા સમયથી પડતર માગ ફગાવી દીધી છે, જેમાં ડ્યૂટી દરમિયાન જમવા અને ટોઈલેટ માટે બ્રેક આપવાની વાત કહી હતી. રેલવેએ તેના માટે એક હાઈ લેવલ કમિટી બનાવી હતી. આ કમિટીએ ભલામણ કરી કે, લોકો પાયલટ્સને લંચ અને ટોઈલેટ બ્રેક આપવા માટે નિયમો બનાવવા વ્યવહારીક રીતે સંભવ નથી. એક અહેવાલ પ્રમાણે રેલવે બોર્ડે આ કમિટીની ભલામણ પર સહમતિ આપી દીધી છે. આ નિર્ણય દેશરમાં વધતી જતી રેલવે દુર્ઘટનાઓ વચ્ચે લેવામાં આવ્યો છે, જેમાં મોટા ભાગે માનવીય ભૂલોને કારણ બતાવવામાં આવી રહી છે. રેલવેએ હાઈ સ્પીડ ટ્રેનોની લિમિટ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરી દીધી છે. રેલવે બોર્ડના પાંચ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ અને રેલવેની રિસર્ચ બ્રાન્ચ - રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન ની મલ્ટી ડિસીપ્લિનરી કમિટીએ તેની ભલામણ કરી છે.

# તંત્રી લેખ...

## ટ્રમ્પે ૯૦ દિવસ સુધી બધા દેશોને ટેરિફમાં રાહત આપી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બધા દેશો પર પારસ્પરિક ટેરિફ ૯૦ દિવસ માટે રોકી દીધા છે. તેમણે પોતાના નિર્ણયને પાછો ખેંચવા પાછળનું કારણ દેશો સાથે વેપાર પર નવી વાટાઘાટોનો ઉલ્લેખ કર્યો. ટ્રમ્પે બે દિવસ અગાઉ કહ્યું હતું કે જે પણ દેશ અમેરિકા સામે બદલો લેશે તેને તાત્કાલિક નવા અને ઘણા ઊંચા ટેરિફનો સામનો કરવો પડશે. જોકે, ટ્રમ્પે આ ટેરિફમાં ચીનનો સમાવેશ કર્યો નથી, પરંતુ ચીન પરનો ટેરિફ ૧૦૪% થી વધારીને ૧૨૫% કર્યો છે. ચીને ૮૪% ટેરિફ લાદ્યા બાદ ટ્રમ્પે આ કાર્યવાહી કરી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે બધા દેશો માટે ટેરિફ સ્તર ઘટાડીને ૧૦% કરવામાં આવશે, જે ઘણા દેશો માટે જરૂરી ઘટાડો હશે.વૈશ્વિક બજાર પ્રત્યે ચીનના અનાદરને કારણે, હું ચીન પર ટેરિફ વધારીને ૧૨૫% કરી રહ્યો છું. આ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. આશા છે કે આવનારા સમયમાં ચીન સમજશે કે અમેરિકા અને અન્ય દેશોને લૂંટવાના દિવસો પૂરા થઈ ગયા છે.અમેરિકામાં ચીની વસ્તુઓ બમણાથી વધુ ભાવે વેચાશેયુરોપિયન યુનિયન એ બુધવારે ટ્રમ્પના ટેરિફના બદલામાં ઘણા યુએસ ઉત્પાદનો પર ૨૫% સુધીના ટેરિફને મંજૂરી આપી. આ દ્વારા ઈ અમેરિકા પર કરાર પર પહોંચવા માટે દબાણ લાવવા માંગતું હતું. તો બીજી તરફ ચીનના વાણિજ્ય મંત્રાલયે કહ્યું છે કે તેણે ૧૨ અમેરિકન કંપનીઓને નિકાસ નિયંત્રણ સૂચિમાં મૂકી છે. અગાઉ, ૬ કંપનીઓને 'અવિશ્વસનીય' ની યાદીમાં સામેલ કરવામાં આવી હતી.

## આજના સતત વિકસતા મલ્ટી-ડોમેન વાતાવરણમાં સશસ્ત્ર દળોએ સંયુક્ત રીતે કાર્ય કરવું : રક્ષા મંત્રી

### "સરકાર સૈન્યને ટેકનોલોજીકલ રીતે અદ્યતન લડાઇ-તૈયાર દળમાં રૂપાંતરિત કરી રહી છે"

આજના સતત વિકસતા બહુ-ક્ષેત્ર વાતાવરણમાં સશસ્ત્ર દળોએ સંયુક્ત રીતે કાર્ય કરવું જોઈએ અને ભવિષ્ય માટે તૈયાર રહેવું જોઈએ જ્યાં સાયબર, અવકાશ અને માહિતી યુદ્ધ વગેરે પરંપરાગત કામગીરી જેટલા જ શક્તિશાળી છે," રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે ૧૦ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ તમિલનાડુના વેલિંગ્ટનમાં ૮૦ મા સ્ટાફ કોર્સ ઓફ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ (ڤજીજીઝ) ના દીક્ષાંત સમારોહ દરમિયાન ભારત અને મિત્ર દેશોના સશસ્ત્ર દળોના અધિકારીઓને સંબોધતા જણાવ્યું હતું. રક્ષા મંત્રીએ ધ્યાન દોર્યું કે આજના વૈશ્વિક ભૂરાજનીતિ ત્રણ મુખ્ય માપદંડો દ્વારા ફરીથી વ્યાખ્યાયિત થઈ રહી છે: રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપવા તરફ એક મુખ્ય દિશા, વૈશ્વિક લેન્ડસ્કેપને વ્યાપક બનાવતી ટેકનોલોજીકલ સુનામી અને નવીનતાને વેગ આપવો. તેમણે અધિકારીઓને વ્યૂહાત્મક-લશ્કરી પરિવર્તન વળાંક પર આગળ રહેવા માટે આ વલણોની ઘોંઘાટનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા વિનંતી કરી, ઉમેર્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર સશસ્ત્ર દળોને ટેકનોલોજીકલ રીતે અદ્યતન લડાઈ-તૈયાર દળમાં પરિવર્તિત કરવામાં કોઈ કસર છોડી રહી નથી જે બહુ-ડોમેન સંકલિત કામગીરી માટે સક્ષમ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય ઉભરતી ટેકનોલોજીઓ ડિટરન્સ અને યુદ્ધ-લડાઈમાં મહત્વપૂર્ણ રીતે ક્રાંતિ લાવી રહી છે તે વાત પર ભાર મૂકતા, શ્રી રાજનાથ સિંહે લડાઈ થિયેટરોમાં ટેકનોલોજીકલ નવીનતાની શક્તિને આકર્ષક ગણાવી. "યુક્રેન-રશિયા સંઘર્ષમાં, ડ્રોન વર્ચ્યુઅલ રીતે એક નવી શાખા તરીકે ઉભરી આવ્યા છે, જો પરિવર્તનશીલ વિજ્ઞાન ન હોય તો. સૈનિકો અને સાધનોના મોટાભાગના નુકસાન પરંપરાગત તોપખાના કે બખ્તરને કારણે નહીં પરંતુ ડ્રોનને કારણે થયા છે. તેવી જ રીતે, લો અર્થ ઓર્બિટમાં અવકાશ ક્ષમતાઓ લશ્કરી ગુપ્ત માહિતી, સતત દેખરેખ, સ્થિતિ, લક્ષ્યીકરણ અને સંદેશાવ્યવહારને બદલી રહી છે, આમ લડાઈને નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે," તેમણે કહ્યું. રક્ષા મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિશ્વ ગ્રે ઝોન અને હાઈબ્રિડ યુદ્ધના યુગમાં છે જ્યાં સાયબર-હુમલા, ખોટી માહિતી ઝુંબેશ અને આર્થિક યુદ્ધ એવા સાધનો બની ગયા છે જે એક પણ ગોળી ચલાવ્યા વિના રાજકીય-લશ્કરી લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત તેની સરહદો પર સતત જોખમોનો સામનો કરી રહ્યું છે, જે તેના પડોશમાંથી ઉદ્ભવતા પ્રોક્સી યુદ્ધ અને આતંકવાદના પડકાર દ્વારા વધુ જટિલ બને છે. રાજનાથ સિંહે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ અને ઈન્ડો-પેસિફિકમાં ભૂ-રાજકીય તણાવની એકંદર સુરક્ષા ગણતરી પર અસર, કુદરતી આફતો અને આબોહવા પરિવર્તન જેવા બિન-પરંપરાગત સુરક્ષા જોખમો ઉપરાંત, વિશે પણ વાત કરી. તેમણે ભવિષ્યના યુદ્ધો માટે સક્ષમ અને સુસંગત રહેવા માટે સશસ્ત્ર દળોના પરિવર્તનને જોરશોરથી આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, એમ કહીને કે ૨૦૪૭ સુધીમાં વિકાસ ભારતનું પીએમ મોદીનું વિઝન બે પાયાના સ્તંભો - સુરક્ષિત ભારત અને સશક્ત ભારત પર મજબૂત રીતે ટકી રહ્યું છે, રક્ષા મંત્રીએ સ્વનિર્ભરતા દ્વારા સશસ્ત્ર દળોના વિકાસ અને આધુનિકીકરણ માટે સમર્થન આપ્યું. "ચાલુ સંઘર્ષોના પાઠ આપણને શીખવે છે કે એક સ્થિતિસ્થાપક, સ્વદેશી અને ભવિષ્ય માટે તૈયાર સંરક્ષણ તકનીકી અને ઉત્પાદન ઈકોસિસ્ટમનું નિર્માણ એ કોઈ વિકલ્પ નથી, પરંતુ એક વ્યૂહાત્મક આવશ્યકતા છે. ઓછા ખર્ચે ઉચ્ચ-ટેક સોલ્યુશન્સ વિકસાવવા અને સશસ્ત્ર દળોની લડાઈ ક્ષમતા વધારવાની જરૂર છે. આપણા દળોએ માત્ર તકનીકી ફેરફારો સાથે ગતિ જાળવી રાખવી જ નહીં, પણ તેનું નેતૃત્વ પણ કરવું જોઈએ," તેમણે કહ્યું. રાજનાથ સિંહે રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ ઘટકો વચ્ચે તાલમેલ વધારવાની પણ ભલામણ કરી. રાજદ્વારી, માહિતીપ્રદ, લશ્કરી, આર્થિક અને તકનીકી ક્ષેત્રોના સમગ્ર સ્પેક્ટ્રમમાં કાર્યવાહી કરતી વખતે 'સમગ્ર રાષ્ટ્ર' અભિગમને પ્રોત્સાહન આપવું એ આ પ્રયાસમાં સફળતા સુનિશ્ચિત કરવા માટે ચાવીરૂપ છે, એમ તેમણે જણાવ્યું હતું. ગ્લોબલ સાઉથ માટે પ્રધાનમંત્રીના 'મહાસાગર' (પરસ્પર અને સર્વાંગી પ્રગતિ માટે સુરક્ષા અને વિકાસ માટે પરસ્પર દક્ષિણ પ્રદેશો) ના વિઝનનો ઉલ્લેખ કરતા, રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રો માટે વધુ સારું ભવિષ્ય અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવી હંમેશા સામૂહિક પ્રયાસ રહેશે. "દેશો અને લોકો વચ્ચે જોડાણો અને નિર્ભરતા વધારવાનો અર્થ એ છે કે અનેક પડકારોનો સામનો વ્યક્તિગત રીતે કરતાં સાથે મળીને વધુ સારી રીતે કરી શકાય છે.

**વડનગરનું હાટકેશ્વરનું મંદિર આશરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલું હતું, એટલે કે ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનું છે અને કહેવાય છે**

## "નાગર" એટલે ગર મુક્ત અને નિત નૂતન વિચારધારાનું રુડું રુપાળું વ્યક્તિત્વ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નાગરોનો ઇતિહાસ પણ જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે, કોઈ કહે છે કે ઉત્તર ભારતમાંથી એટલે કે કાશ્મીર બાજુથી આવેલા છે, જ્યારે કોઈ ગ્રીક અને દ્રવીડ સંસ્કૃતિ ધરાવતી પ્રજા તરીકે નાગરને બતાવવામાં આવે છે, આજથી સાડા છ હજાર વર્ષ પૂર્વે સૌથી પહેલો સંસ્કૃત ભાષામાં પારંગત માનવ, નાગર તરીકે બતાવવા આવેલો છે, એટલે ટૂંકમાં નાગર એટલે ગવાર નહીં.**

આજે ચૈત્ર સુદ ચૌદસનો દિવસ છે અને ચૈત્ર સુદ ચૌદસને હાટકેશ્વર જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. હાટકેશ્વર એ શિવનું જ એક સ્વરૂપ છે, અને અમારા નાગરનાં ઈષ્ટદેવ છે, તો તે નિમિત્તે હાટકેશ્વર દાદાના ચરણોમાં સમસ્ત નાત તરફથી કોટી કોટી વંદન, અને નાગરો ને વિચારવાન બનાવી સદા ગર એટલે કે વેરઝેર ઝેર મુક્ત રાખવા માર્ગદર્શન કરતા રહે એવી એક પ્રાર્થના. પુજ્ય બાપુ એ તો માનસ નાગર પર એક કથા પણ કરી હતી, અને નાગરનો બહુ વિસ્તૃત અર્થ કર્યો હતો. એ રીતે નાગર એટલે બૌદ્ધિક, પણ બૌદ્ધિકતાની સાથે સાથે ગર મુક્ત હોવું પણ જરૂરી છે, અને જે આજે કદાચ હવે કાળની અસરને કારણે દરેક નાગરનુ પણ સંભવ નથી. હાટકેશ્વરનું મુખ્ય મંદિર વડનગરમાં આવેલું છે, અને બાકી તો જ્યાં જ્યાં નાગરો વસ્યા છે, ત્યાં બધે જ હવે હાટકેશ્વરના મંદિરની સ્થાપના થયેલ છે. નાગર એટલે આમ તો જે નગરમાં વસે છે તે,અને જે શિક્ષિત છે. જે ગુજરાતમાં વિક્રમ સંવતની ત્રીજી સદીથી વસેલી છે, તેઓ હાટકેશ્વરની સ્થાપના પહેલાં કોઈ મંદિર વગેરેમાં જતાં એવું જાણવા મળ્યું નથી, તેઓ વૈદિક પૂજા જ સ્વીકારતા હતાં. ગુજરાતના સામાજિક આર્થિક વિકાસમાં તેમની બુદ્ધિ પ્રતિભાઓનું ખૂબ જ મોટું યોગદાન છે. નાગરોની બુદ્ધિ પ્રતિભા અત્યંત તેજસ્વી રહી, અને તેઓને સમાજે સદા વિચારવાન પ્રજા તરીકે બિરદાવ્યા છે. એ રીતે પોતાની બૌદ્ધિક વિશેષતાને કારણે તેઓ રાજા-મહારાજાઓના દિવાન પદ શોભાવતા હતાં, તેમજ સમાજના મોભાદાર હોદાઓ પર નાગરોનું અધિપત્ય હતું. રાજા પોતાના રાજ વહીવટ માટે ૭૦ થી ૮૦ ટકા દિવાન પર આધારિત રહેતાં, અતિ સૂક્ષ્મ અને છતાં સમાજના શુભનું સંચાલન આ નાગરો કરતા હતા. પરંતુ પદ પ્રતિષ્ઠાનો પણ અહંકાર બહુ ભારે પડે, એમ નાગરી નાતનું એક માફ ન કરી શકાય એવું પાસું પણ ઈતિહાસના પાને લખાયેલું છે, અને એ છે નાગર નરસિંહને નાત દ્વારા એના સમયમાં સતાવવામાં આવ્યા હતા તે. આપણે જ્યારે તેને બિરદાવવાની વાત કરતા હોય, ત્યારે આપણા સમાજની ભૂલને અંધારામાં રાખી શકાય નહીં. પરંતુ જે વિતી ગઈ એ પળ હરિ ઈચ્છા બલવાન સમજીને સ્વીકારવી પડે છે.નરસિંહના વંશજ તરીકે ઓળખાતા આ નાગરોના હાટકેશ્વરનો પાટોત્સવ એટલે કે જન્મ જયંતીનો દિવસ છે. આમ તો ચૈત્ર મહિનો શરૂ થતાં જ શક્તિની આરાધનાના દિવસો શરૂ થાય, અને પછી રામનવમી, એ પછી મહાવીર જયંતી, ચૈત્ર સુદ ચૌદસ એટલે હાટકેશ્વર જયંતિ, અને ચૈત્ર સુદ પૂનમ એટલે હનુમાન જયંતી, આમ એક પછી એક જયંતિ આવે, એટલે કે ધાર્મિક તિથિ અને તહેવારનો આ મહિનો કહેવાય.પણ નાગરો માટે ચૌદસને દિવસે ઈષ્ટદેવની જયંતિ, એટલે એ રીતે પણ એનું ખૂબ જ મહત્વ છે. હાટકેશ્વર જયંતિ આવતી હોવાથી પાટોત્સવમાં બધાને મળાશે એવું વિચારીને નાગરો ખૂબ



રાજી થાય,કારણ પાંચ 'પ' એટલે કે, પાન, પાટલા, પીતાંબર, પાટિયું,ને પંચાત, આ પાંચ પ સાથે તેનું જન્મથી અનુસંધાન હોય.કોઈ લોકો પ સાથે પરસાળ ને જોડે છે, તો કોઈ પંચિયુ પણ કહે છે.ને કોઈ પ સાથે પૂજા ને પણ જોડે છે. પૂજા પાઠ નાગરના ઘરમાં થતો એક અભુતપૂર્વ પ્રયોગ છે, આખાં આખાં સ્તોત્ર ગાનના પાઠ એમને કંઠસથ હોય, શિવમહિમ્ન ને શક્રાદય જેવી અઘરી સ્તુતિ નાગરના બાળકો પણ આસાનીથી બોલતા હોય છે.આજે પણ હાટકેશ્વર જયંતિ નિમિત્તે દરેક શહેરોમાં જ્યાં જ્યાં હાટકેશ્વરનું મંદિર હોય ત્યાં પાટોત્સવ ઊજવવામાં આવે છે. સવારે વિધિવત રીતે ભગવાનની પાલખી યાત્રા નીકળે, અને સાંજે શ્રીખંડ પૂરીનું નાત જમણ થાય છે. નાગરોનો ઈતિહાસ પણ જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે, કોઈ કહે છે કે ઉત્તર ભારતમાંથી એટલે કે કાશ્મીર બાજુથી આવેલા છે, જ્યારે કોઈ ગ્રીક અને દ્રવીડ સંસ્કૃતિ ધરાવતી પ્રજા તરીકે નાગરને બતાવવામાં આવે છે. આજથી સાડા છ હજાર વર્ષ પૂર્વે સૌથી પહેલો સંસ્કૃત ભાષામાં પારંગત માનવ, નાગર તરીકે બતાવવા આવેલો છે. એટલે ટૂંકમાં નાગર એટલે ગવાર નહીં, પરંતુ નિત્ય નૂતન વિચારધારાનો પ્રતીક એટલે નાગર, એવો અર્થ પૂજ્ય બાપુએ પણ નાગર માટે કરેલ છે. તુલશીકૃત રામાયણમાં પણ નાગર શબ્દનો પ્રયોગ બે ત્રણ વાર થયો છે. હાટકેશ્વર જયંતિ એટલે ઈષ્ટદેવ હાટકેશ્વરનો સ્થાપના દિન. આમ તો ભગવાન આશુતોષ મહાદેવ શંભુ અજન્મા છે, એટલે તેના જન્મનું કોઈ કારણ પુરાણમાં પણ મળતું નથી. પરંતુ લિંગ રૂપે તેની વડનગરમાં સ્થાપનાના દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે, અને તેથી આપણે ત્યાં વડનગરા, વિસનગરા, પ્રશ્નોરા, સાઠોદરા, ડુંગરપુરા, ચિત્રોડા, કૃષ્નમોરા, એવી રીતે સાત પ્રકારનાં નાગરો આ દિવસે પોતાના ઈષ્ટદેવ હાટકેશ્વરનો પાટોત્સવ મનાવે છે. આપણા લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પણ વડનગરના રહેવાસી છે, એથી જ એકવાર ચૈત્ર સુદ ચૌદસનાં દિવસે ક્યાંક બહારના દેશમાંથી એમણે જય હાટકેશ એવું સંબોધન કર્યું હતું. હાટકેશ્વર જયંતિ નિમિત્તે આપણને પુરાણના પ્રમાણ પણ મળે છે. સ્કંદપુરાણના નાગર ખંડમાં ઉલ્લેખ થયા મુજબ હાટકેશ્વરની સ્થાપના વડનગરમાં રહેતા ચિત્રગુપ્ત નામના નાગરે કરી હતી. કહેવાય છે કે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતી એ પોતાની જાતને હોમી દીધી હતી, અને ભગવાન શંકર અત્યંત ક્રોધાયમાન અવસ્થામાં સતીના શબને પોતાનાં ખભા પર લઈને આમથી તેમ ફરતાં હતાં, અને પૃથ્વી પર હાહાકાર મચાવ્યો હતો.અને શંકરની દિગંબર અવસ્થાથી સમાજ પરેશાન હતો.તે સમયની જે ઋષિ પત્નીઓ તેની ભોળા ભાવે ભક્તિ કરતી હતી, તેને આમ ફરતા જોઈને ઋષિ ઓ સંકોચ અનુભવતા હતા, એટલે બ્રહ્માજી એ શંકરનાં લીંગને પાતાળમાં સ્થાપી દીધું, શંકરને ભાન આવતાં તે શરમીંદા થઈને સમાધિમાં ચાલ્યા ગયાં, બાદમાં સતી હિમાચલ રાજને ઘેર પુત્રી તરીકે જન્મી ચુક્યા છે,એ વાત સપ્તર્ષિ એ તેમને કરી. સત્તરમી સદીમાં ચિત્રગુપ્ત નામના નાગરે ભગવાન ભોળાનાથની ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી, અને ભગવાન તેને પ્રસન્ન થયાં, એટલે તેમણે કહ્યું કે તું "હાટક" એટલે કે સોનાનું લિંગ બનાવી અને મારી સ્થાપના કર તો હું અવશ્ય તેમાં પ્રત્યક્ષરૂપે બિરાજમાન થઈશ. હાટક એટલે સોનાથી મઢેલા લિંગની સ્થાપના કરી, અને એ દિવસે ભગવાન આશુતોષ મહાદેવ તેમાં હાજરા હજૂર પ્રગટ થયાં, એ દિવસ એટલે ચૈત્ર સુદ ચૌદસ અને એ દિવસથી નાગરોના ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વર ને પૂજવામાં આવે છે, અને એ દિવસે તેનો પાટોત્સવ મનાવવામાં આવે છે. વડનગરનું હાટકેશ્વરનું મંદિર આશરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલું હતું, એટલે કે ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનું છે અને કહેવાય છે નાગરાજ હરિરામ નાઈકનુ ત્યારે શાસન હતું, અને તેના દ્વારા મંદિરની રચના કરવામાં આવી હતી. વડનગરના હાટકેશ્વર મંદિરનું સ્થાપત્ય અને કલા કોતરણી પણ અદભૂત છે, જોનારને મંત્રમુગ્ધ કરી દે એ રીતે નવગ્રહ,અને હિન્દૂ દેવી દેવતાઓની મૂર્તિ, સંગીતકારો, નૃત્ય કરતી અપ્સરાઓ, રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગોના શિલ્પ, તેમજ પ્રાણીઓ અને પક્ષીઓની મૂર્તિઓ કંડારવામાં આવી છે. પુરાતન વિભાગ દ્વારા સિદ્ધ થયેલ હેરિટેજ સ્થાપત્યમાં વડનગરના હાટકેશ્વર મંદિર તેમજ ત્યાંની વાવનો પણ સમાવેશ કરવામાં આવે છે. આ ઉપરાંત મંદિરના પટાંગણમાં મુખ્ય મંદિર સિવાયના અન્ય મંદિરો પણ છે, જેમાં કાશી વિશ્વનાથનું મંદિર વધુ પૌરાણિક છે.આ ઉપરાંત દાનેશ્વર, રવેશ્વર, તારકેશ્વર, મુક્તેશ્વર ચમકેશ્વર,પાતાળેશ્વર,જાકેશ્વર, પંચનાથ મહાદેવ,અને અંબાજીના મંદિર વિદ્યમાન છે. તો "નાગરો" કે જે હવે માત્ર નગરમાં રહે છે,પણ ગર મુક્તની ઉપમા ભૂલતા જાય છે, ત્યારે આ છે આપણા ઈષ્ટદેવ હાટકેશ્વરનો મહિમાવંત ઈતિહાસ. નાગરો હાટકેશ્વર સ્તોત્રનો નિત્ય પાઠ પણ કરે છે,જે સ્વયં સુસંસ્કૃત છે, અને જેના પર દરેક નાગર ગૃહસ્થને નાઝ છે, અને જન્મોજન્મ એ ભોળા મહાદેવ અને મા અંબાની ભક્તિ ભાવમાં જ જીવવા માગે છે.આશા રાખુ છું આપ સૌને આ લેખ પસંદ આવ્યો હશે, સૌને મારા જય હાટકેશ.

**જો કાર્ય મનગમતું હોય તો મૂર્ખ શિરોમણિ પણ તેને સિદ્ધ કરી શકે, પરંતુ ખરો બુદ્ધિ માન મનુષ્ય તો એ જ છે કે જે કોઈ પણ કાર્યને પોતાની રુચિને અનુકુળ બનાવી શકે**

## પહેલા આયુષ્ય અને જ્ઞાનનું સન્માન થતું હતું, હવે આવક અને સ્વાર્થનું સન્માન થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દરેક કર્તવ્ય પવિત્ર છે અને કર્તવ્ય પાલનએ ઈશ્વરની ઊંચામાં ઊંચું સ્વરૂપ છે, તમે એક કાર્ય કરતાં હો ત્યારે એથી પાર કાંઈ જોવાનો કોઈ વિચાર ન કરો.**

આપણે ગઈકાલે અહિંસાના પૂજારી ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતિની ઉજવણી કરી આવતી કાલે કષ્ભંજનદેવ હનુમાનજી મહારાજની જન્મ જયંતિની ઉજવણી કરીશું. આજે કર્તવ્ય વિશે થોડું જાણીએ મહાત્મા ગાંધીએ કહયું કે કર્તવ્ય નિભાવવાની તાકાત હોય,તોજ અધિકાર મેળવવાની આશા રાખવી. સ્વામી વિવેકાનંદ જીના વિચારો મુજબ આત્મનિંદા ન કરવી એ આપણું પ્રથમ કર્તવ્ય છે. આગળ વધવા ઈચ્છનારમાં પ્રથમ આત્મ વિશ્વાસ હોવો જોઈએ અને બીજું ઈશ્વર પર શ્રદ્ધા જોઈએ. જેને પોતાનામાં શ્રદ્ધા નથી તેને ઈશ્વરમાં શ્રદ્ધા શી રીતે હોઈ શકે?દરેક માણસે પોતાનો આદર્શ અપનાવવો જોઈએ અને એ સિદ્ધ કરવાને પ્રયત્નશીલ થવું જોઈએ.

સિદ્ધ થવાની જેની જરાયે આશા નથી એવા બીજા માણસોના આદર્શો લેવા, તેના કરતાં પોતાનો આદર્શ અપનાવવો અને તે માટે પ્રયત્નશીલ થવું, એ પ્રગતિનો નિશ્ચિત માર્ગ છે. આપણી પાસેમાં પાસેના,અરે, અત્યારે આપણા હાથમાં આવી પડેલા કર્તવ્યનું સારી રીતે પાલન કરવાથી આપણે આપણી જાતને મજબૂત બનાવીએ છીએ અને એ રીતે પગલે પગલે આપણું બળ વધારતા જઈને આપણે એવી પણ અવસ્થાએ પહોંચીએ કે જ્યારે જીવનમાં અને સમાજમાં જેની ખૂબ અભિલાષા સેવતા હોઈએ, તેવાં માનદાયક કર્તવ્યો બજાવવાને આપણે હકદાર બની એ. દરેક કર્તવ્ય પવિત્ર છે અને કર્તવ્ય પાલનએ ઈશ્વરની ઊંચામાં ઊંચું સ્વરૂપ છે. તમે એક કાર્ય કરતાં હો ત્યારે એથી પાર કાંઈ જોવાનો કોઈ વિચાર ન કરો.જે કાર્ય કરો તે ઉપાસના તરીકે, શ્રેષ્ઠ ઉપાસના તરીકે કરી અને એ સમય દરમિયાન તમારા સમગ્ર જીવનને એમાં ઓતપ્રોત રાખો. નાનાંમાં નાનાં ક્ષુદ્રમાં ક્ષુદ્ર લાગતાં કામ પ્રત્યે પણ તુચ્છકારથી જોવું ન જોઈએ.કોઈ માણસને સહાય કરવી હોય,તો એ માણસની વૃત્તિ તમારા તરફ કેવી થશે તેનો વિચાર કરવાની જરૂર છે?જો મહાન કાર્ય કરવું હોય,તો તેનું પરિણામ શું આવશે એનો વિચાર તમારે ન કરવો.પ્રમાદીપણું સર્વ પ્રયાસે ટાળવું જોઈએ. કાર્યશીલ થવું એટલે પ્રતિકાર કરવો. સર્વ તેમજ શારીરિક અનિષ્ટનોસામનો કરો; જ્યારે તમે સામનો કરવામાં સફળ થશો ત્યારે તમને શાંતિ મળશે. બુદ્ધિપૂર્વક અને વૈજ્ઞાનિક રીતે કાર્ય કરવું તે કર્મયોગ,એમ ગીતામાં કહેલું છે;કેમ કાર્ય કરવું તે જાણવા થી માણસ મહાન પરિણામો લાવી શકે છે.

ભવિષ્યમાં શું થવાનું છે તેની જ જે ગણતરી કર્યા કરે તે કદી કશું સિદ્ધ કરી શકતો નથી. તમે જે સાચું અને શુભ માન્યું હોય,તે તુરતજ કરવા લાગો. નાનામાં નાનું કામ પણ જો યથાર્થ રીતે કરવામાં આવ્યું હોય તો તે હેરતભર્યા પરિણામો લાવે છે; એટલા માટે સૌ કોઈ એ પોતાથી બને તેટલું થોડું પણ યથાર્થ રીતે કરે.જેઓ મદદ 'મળી જ' રહેશે તેમ દઢતા પૂર્વક માને છે, તેઓ જ કામ કરી શકે છે. તેઓ સીધા કાર્યક્ષેત્રમાં ઝંપલાવે છે.જો કાર્ય મનગમતું હોય તો મૂર્ખ શિરોમણિ પણ તેને સિદ્ધ કરી શકે,પરંતુ ખરો બુદ્ધિ માન મનુષ્ય તો એ જ છે કે જે કોઈ પણ કાર્યને પોતાની રુચિને અનુકુળ બનાવી શકે. કોઈ પણ કાર્ય ક્ષુદ્ર નથી. દરેક કાર્યનેઉપહાસ પ્રતિકાર અને પછી સ્વીકાર તબક્કામાંથી પસાર થવું જ પડેછે વિચારોમાં પોતાના જમાનાથી આગળ વધેલો પ્રત્યેક મનુષ્ય અવશ્ય ગેરસમજનો ભોગ બનેછે સખત પરિશ્રમ કરો;દઢ બનો પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો કામે લાગી જાઓ. જો તમે કામમાં લાગી જશો તો સઘળાં સાધનો તમને પ્રાપ્ત થશે. સમયાનુસાર કર્તવ્ય બજાવ્યે જવું એ સૌથી માર્ગ છે.મેદાનમાં આવો ભાઈ!જિંદગી આખી સૂઈ રહેવાનું હોય?સમય વેગથી વહી જાય છે.શાબાશ!એ જબરો રસ્તો છે.જ્યારે તમે કોઈ કામ કરવાનું વચન આપો ત્યારે તે બરાબર નિયત સમયે કરવું જોઈએ.નહિતર લોકોને તમારામાં થી વિશ્વાસ ઊઠી જાય. એકવાર કાર્યમાં લાગી જાઓ.એટલે એટલી બધી જબરદસ્ત શક્તિ તમારામાં આવવા લાગશે કે તમારે ઝીલવી કઠણ થઈ પડશે, પરિણામ ની જે પરવા કરતો નથી એવા માણસને બધાં કર્તવ્યો એક સરખાં સારાંછે.જિંદગીમાં મેં શીખેલા અનેક મહાન બોધપાઠો માંનો એક એ છે કે જેટલું ધ્યાન કાર્યના ધ્યેય તરફ આપવું જોઈએ તેટલું જ તેના સાધન તરફ પણ આપવું જોઈએ.બને તેટલું ઉત્તમ કાર્ય કરો. 'બધુંય પાણી ખૂટી જશે ત્યારે નદી ઓળંગીશું' એમ વાટ જોતાં બેસી ન રહો. કાળઝાળ ગરમી અને બફારાથી લોકો એપ્રિલ મહિનાના પહેલા સપ્તાહમાં જ ત્રાહિમામ્ પોકારી ગયા છે.. ભૂકંપ ક્યાંક ધ્રુજાવે છે. યુદ્ધ હળવું છે ભગવાન રામચંદ્રજી,મહાવીર સ્વામી અને આવતી કાલે ચૈત્ર સુદ પૂનમ શનિવારના રોજ જેમની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે તેવા કષ્ભંજનદેવ હનુમાનજી મહારાજ સર્વત્ર આનંદ શાંતિની લહેર સદા પ્રસરે તેવી પ્રાર્થના..

**બંને પક્ષના પ્રતિનિધિમંડળે મૂલ્યવાન ઇનપુટ વહેંચ્યા હતા અને બંને દેશો વચ્ચે પ્રવાસન ક્ષેત્રમાં સહકારને મજબૂત કરવા રોકાણની નવી તકો પર ચર્ચા કરી હતી**

## ભારત અને જાપાન વચ્ચે પ્રવાસન સહકાર પર કાર્યકારી જૂથની ચોથી સંયુક્ત બેઠક

**સાંસ્કૃતિક સંબંધો અને બંને દેશો વચ્ચે સમૃદ્ધ પ્રવાસનનાં પારસ્પરિક લાભ પર ભાર મૂક્યો હતો**

ભારત અને જાપાન વચ્ચે પ્રવાસન સહયોગ પર સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) ની ચોથી બેઠક ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકની અધ્યક્ષતા ભારત સરકારના પર્યટન મંત્રાલયના મહાનિર્દેશક શ્રીમતી મુગ્ધા સિંહા અને જાપાન ટુરિઝમ એજન્સી (JTA)ના કમિશનર શ્રી હરાઈકાવા નાઓયાએ સહ-અધ્યક્ષતા કરી હતી. બંને દેશોના અધિકારીઓ અને ખાનગી હિસ્સેદારોએ હાજરી આપી હતી, જેમાં એરલાઈન્સ, પ્રવાસન અને મુસાફરી સંગઠનો અને સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. મુખ્ય સંગઠનોમાં જાપાન નેશનલ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન (JNTO), જાપાન ટ્રાવેલ એજન્ટ્સ એસોસિએશન (JATA), JTTRI, જાપાન એરલાઈન્સ અને જાપાનના ANAનો સમાવેશ થાય છે. ભારતીય પ્રતિનિધિમંડળમાં વિદેશ, નાગરિક ઉડ્ડયન, શિક્ષણ, NCHMCT, ICCR અને એસોસિએશન ઓફ ઈન્ડિયન ટૂર ઓપરેટર્સ (IATO), આઉટબાઉન્ડ ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (OTOAI)નો સમાવેશ થતો હતો. પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જાપાની પ્રતિનિધિમંડળ માટે સ્વાગત રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. બંને દેશોના સહ-અધ્યક્ષોએ મુલાકાતીઓની પ્રોફાઈલ પર નોટ્સનું આદાનપ્રદાન કર્યું હતું અને બંને દેશો વચ્ચે મુસાફરી કરતા પ્રવાસીઓની ડેટા આંતરદષ્ટિની જાણકારી મેળવી હતી, જેમાં બૌદ્ધ સ્થળોનો પણ સમાવેશ થાય છે, જેથી સહસ્ત્રાબ્દી પ્રવાસીઓ માટે આ સ્થળોને વધુ આકર્ષક બનાવવા માટે યોગ્ય નીતિગત હસ્તક્ષેપ હાથ ધરી શકાય. ભારતમાં જાપાનનાં રાજદૂત મહામહિમ ઓનો કેઈચીએ મજબૂત સાંસ્કૃતિક સંબંધો અને બંને દેશો વચ્ચે સમૃદ્ધ પ્રવાસનનાં પારસ્પરિક લાભ પર ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન મુખ્ય ચર્ચાના મુદ્દાઓ દ્વિપક્ષીય પર્યટનના વિસ્તરણ પર કેન્દ્રિત હતા, જેમાં ભારતમાં બૌદ્ધ સ્થળોને જાપાની પ્રવાસીઓ સુધી પ્રોત્સાહન આપવું, હવાઈ સંપર્કમાં સુધારો કરવો અને જાપાની વિદ્યાર્થીઓની દેશની મુલાકાતોને પ્રોત્સાહિત કરવા જેવી પહેલ કરવામાં આવી હતી.

### 'ક્રિશ ૪' ની જાહેરાત થઈ ત્યારથી ચાહકો ખૂબ જ ખુશ છે

# ટાઈમ ટ્રાવેલ પર આધારિત ફિલ્મ ક્રિશ ૪'માં ઋતિક ટ્રિપલ રોલ ભજવશે

'ક્રિશ ૪' ની જાહેરાત થઈ ત્યારથી ચાહકો ખૂબ જ ખુશ છે. 'ક્રિશ ૪'નું દિગ્દર્શન રાકેશ રોશનના બદલે પુત્ર ઋતિક કરશે. તે અભિનય પણ કરશે અને ચાહકો આનાથી દિવાના થઈ ગયા છે. હવે તેઓ આ સુપરહીરો ફિલ્મના દરેક અપડેટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન, ઋતિક રોશનની ભૂમિકા અને 'ક્રિશ ૪' ના ખ્યાલ અંગે એક મોટી અપડેટ આવી છે.એક અહેવાલ મુજબ, ફિલ્મ 'ક્રિશ ૪' ની વાર્તા 'એવેન્જર્સઃ ઈન્ફિનિટી વોર' અને 'એવેન્જર્સઃ એન્ડગેમ' થી પ્રેરિત હશે. ફિલ્મની વાર્તા સમય યાત્રા પર આધારિત હશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વખતે ઋતિક રોશન ટ્રિપલ રોલમાં હશે, અને પ્રીતિ ઝિન્ટા પણ એક મહત્વપૂર્ણ રોલમાં હશે. એ વાત જાણીતી છે કે 'કોઈ મિલ ગયા'માં ઋતિકનો સિંગલ રોલ હતો, જ્યારે 'ક્રિશ ૨' અને 'ક્રિશ ૩'માં તે ડબલ રોલમાં જોવા મળ્યો હતો.રિપોર્ટ અનુસાર, એક સૂત્રએ જણાવ્યું કે 'ક્રિશ ૪' માટે નિર્માતાઓની યોજના શું છે. તેમણે ખુલાસો કર્યો કે 'ક્રિશ'ને અલગ અલગ સમયમર્યાદામાં આગળ વધારવામાં આવશે.



આ એક સમય યાત્રા વાર્તા હશે, જેમાં ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની ઘટનાઓ જોડાયેલી હશે. સૂત્રના જણાવ્યા અનુસાર, ફિલ્મમાં પારિવારિક વાર્તા અને સંબંધો પણ બતાવવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રીતિ ઝિન્ટા પણ 'ક્રિશ ૪' માં પરત ફરશે જે 'કોઈ મિલ ગયા' થી ફ્રેન્ચાઈઝી સાથે સંકળાયેલી છે. આ ઉપરાંત, રેખા અને પ્રિયંકા ચોપરા પણ તેમાં પાછા ફરશે. પ્રિયંકા 'ક્રિશ', 'ક્રિશ ૨' અને 'ક્રિશ ૩'નો ભાગ રહી છે, જ્યારે રેખા પહેલા ભાગથી જ આ ફ્રેન્ચાઈઝી સાથે સંકળાયેલી છે.

# તમન્ના ભાટિયાની બહુ ચર્ચિત ફિલ્મ 'ઓડેલા ૨'નું ટ્રેલર આખરે રીલીઝ

અભિનેત્રી તમન્ના ભાટિયા ટૂંક સમયમાં સુપરનેચરલ ફિલ્મ 'ઓડેલા ૨'માં જોવા મળશે. નિર્માતાઓએ તેનું ટ્રેલર રિલીઝ કર્યું છે, જેણે ચાહકોને ખૂબ જ ઉત્સાહિત કરી દીધા છે. તે ૧૭ એપ્રિલે રિલીઝ થવા જઈ રહી છે. બાય ધ વે, આ અલૌકિક થ્રિલર ફિલ્મનું ટીઝર ફેબ્રુઆરીમાં મહા કુંભ મેળામાં રિલીઝ થયું હતું. તમન્ના આ ફિલ્મમાં એક શિવભક્તની ભૂમિકા ભજવે છે, જે દુષ્ટતાને હરાવીને ભલાઈને જીતવામાં મદદ કરે છે. ઓડેલા ૨ નું ટ્રેલર લોકોને એવી કોઈ વસ્તુથી ડરવાથી શરૂ થાય છે જે તેમને કુદરતી નથી લાગતી. લોકો મરી રહ્યા છે, અને પોલીસને લાગે છે કે કોઈ સંડોવાયેલ છે. ગામલોકો માને છે કે આ બધું અલૌકિક શક્તિના કારણે થઈ રહ્યું છે. તમન્ના આ દુષ્ટ શક્તિઓ સામે લડતી જોવા મળશે.'ઓડેલા ૨' એ ૨૦૨૨ માં આવેલી તેલુગુ ફિલ્મ 'ઓડેલા રેલ્વે સ્ટેશન' ની સિક્વલ છે. તેનું દિગ્દર્શન અશોક તેજા દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મના કલાકારોમાં હેબાહ પટેલ, વસિષ્ઠ એન સિમ્હા, સુરેન્દર રેડ્ડી, નાગા મહેશ, વુવા, વામશી, ભૂપાલ, ગગન વિહારી અને પૂજા રેડ્ડીનો સમાવેશ થાય છે.ગયા મહિને, જ્યારે મહાકુંભમાં ફિલ્મનું ટીઝર લોન્ચ કરવામાં આવ્યું હતું, ત્યારે તમન્નાએ કહ્યું હતું કે, "મને જીવનમાં એક વાર મળેલી તક મળી છે. હું ખરેખર અહીં ઘણા લોકોને જોઉં છું. મને લાગે છે કે આપણે બધા ખુશ રહેવા માંગીએ છીએ.




# રેઇડ-૨ ફિલ્મમાં ઇલિયાના ડી' ક્રુઝની જગ્યાએ વાણી કપૂર ગોઠવાઈ ગઈ

અજય દેવગણની રેડ ૨ નું બહુ પ્રતિક્ષિત ટ્રેલર રિલીઝ થયું છે. મૂળ ફિલ્મમાં ઈલિયાના ડી'ક્રુઝે અજયની પત્નીની ભૂમિકા ભજવી હતી, જ્યારે સિક્વલમાં વાણી કપૂરે તેનું સ્થાન લીધું છે. ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન, અજયે કાસ્ટિંગમાં ફેરફાર અંગે વાત કરી, અને વાણીએ કોઈપણ પ્રકારની દુશ્મનાવટની અફવાઓને બંધ કરી દીધી.સિક્વલમાં તેના પાત્રની 'નવી પત્ની' વિશે પૂછવામાં આવતા, અજયે કહ્યું, "તમે ઘણી બધી હોલીવુડ ફિલ્મોમાં પણ આવું જોશો. તેમ છતાં, સીન કોનેરી એકમાત્ર જેમ્સ બોન્ડ નથી. તે પાત્ર છે જેને તમે અનુસરો છો, અને પછી નવા લોકો આવતા રહે છે. વાણીએ એ પણ સ્પષ્ટ કર્યુ કે શું ઈલિયાના સાથે કોઈ દબાણ કે દુશ્મનાવટ હતી, એમ કહીને, "પહેલાના પાત્ર સાથે કોઈ ઈર્ષ્યા નથી. અમે સ્ક્રીનની બહાર એક મહાન સમીકરણ શેર કરીએ છીએ. તમે ફક્ત તમારી ભૂમિકાને સૌથી અધિકૃત રીતે ભજવવાનો પ્રયાસ કરો અને દિગ્દર્શક અને લેખકના સંક્ષિપ્ત શબ્દોનું પાલન કરો. આ ફિલ્મ મારા એક અલગ પાસાને દર્શાવે છે. તે નવું અને તાજગીભર્યુ લાગ્યું.રાજ કુમાર ગુપ્તા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ રેઈડની સિક્વલ છે અને તેમાં અજય દેવગણ, રિતેશ દેશમુખ અને વાણી કપૂર મુખ્ય ભૂમિકામાં છે. તે આઈઆરએસ અધિકારી અમય પટનાયક (દેવગણ) ના વાપસી પછી આવે છે કારણ કે તે બીજા વ્હાઈટ-કોલર ગુનાનો સામનો કરે છે. આ ફિલ્મ ભૂષણ કુમાર, કુમાર મંગત પાઠક, અભિષેક પાઠક અને કૃષ્ણ કુમાર દ્વારા નિર્મિત છે, જે ગુલશન કુમાર અને ટી-સિરીઝ દ્વારા પ્રસ્તુત છે, અને પેનોરમા સ્ટુડિયો બેનર હેઠળ બનાવવામાં આવી છે. Raid 2 ૧ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.



# સોનાક્ષી 'જટાધારા'નું શૂટિંગમાંથી નવરી પડી



અભિનેત્રી સોનાક્ષી સિન્હાએ તેની આગામી ફિલ્મ 'જટાધારા'નું શૂટિંગ પૂર્ણ કરી લીધું છે. અભિનેત્રીએ પોતે અનેક તસવીરો સાથે ચાહકોને આ માહિતી આપી હતી.ઘણી સુપરહિટ બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યા બાદ, અભિનેત્રી સોનાક્ષી સિંહા હવે તેલુગુમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. આ અભિનેત્રી ફિલ્મ 'જટાધારા'માં જોવા મળશે. જેનું શૂટિંગ તેણે પૂર્ણ કરી લીધું છે.સોનાક્ષી સિંહા પોતાના કામની સાથે સોશિયલ મીડિયા પર પણ ખૂબ એક્ટિવ રહે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેની ફિલ્મ 'જટાધારા' ના અંતિમ ચિત્રો તેના ચાહકો સાથે શેર કર્યા.સોનાક્ષીએ આગળ લખ્યું, 'મારી પહેલી તેલુગુ ફિલ્મ અને મારી ટીમે તેના પર અજાયબીઓ કરી છે. મને ખૂબ મજા આવી, ખૂબ મજા આવી. તમારા બધા સાથે જોવા માટે રાહ નથી જોઈ શકતી.ફિલ્મ 'જટાધારા'માં સોનાક્ષી સિંહા એક શક્તિશાળી લુકમાં જોવા મળશે. તેમનો પહેલો લુક પણ રિલીઝ થઈ ગયો છે.


### ૧૮ એપ્રિલથી મુંબઈમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે

# મનોજ બાજપાઈ-સાકિબ સલીમ નીરજ ચોપરાની ફિલ્મ માટે શૂટિંગ શરૂ કરશે

### અભિનેતા મનોજ બાજપાઈ અને નીરજ પાંડે પહેલાં 'સ્પેશિયલ ૨૬', 'ઐય્યારી' અને 'નામ શબાના' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે

થોડાં વખત પહેલાં એવા અહેવાલો હતા કે મનોજ બાજપાઈ અને કે કે મેનન નીરજ ચોપરા સાથે ફિલ્મ કરશે. તેનાં પછી મનોજ બાજપાઈએ એક્સ પર આ પ્રકારની કોઈ પણ ફિલ્મનો ભાગ ન હોવાની સ્પષ્ટતા પણ કરી હતી. પરંતુ હવે મનોજ બાજપાઈ આ ફિલ્મમાં મહત્વનો રોલ કરવા જઈ રહ્યા છે. ૧૮ એપ્રિલથી મુંબઈમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે. હવે આ ફિલ્મની કાસ્ટમાં થોડો ફેરફાર છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "નીરજ પાંડેની આ ફિલ્મનું નામ તો હજુ નક્કી નથી, શરૂઆતમાં આ ફિલ્મમાં મનોજ બાજપાઈ અને કે કે મેનન લીડ રોલ કરવાના હતા. જોકે, હવે શૂટિંગની તારીખો સાથે કે કે મેનની તારીખોનો મેળ બેઠો નહીં, તેથી તેમણે આ ફિલ્મ જતી કરવી પડી. તેથી હવે આ ફિલ્મમાં સાકીબ સલીમને કાસ્ટ કરવામાં આવ્યો છે. આ ફિલ્મનું લાંબું શૂટિંગ ૧૮ એપ્રિલથી મુંબઈમાં જ શરૂ થશે.''સૂત્રએ આગળ એવું પણ કહ્યું કે આ થ્રિલર ફિલ્મમાં એક જ શહેરની વાત છે. નીરજ ચોપરાની અન્ય ફિલ્મોની જેમ ફિલ્મ પણ રસપ્રદ અને પ્રભાવશાળી કલાકારો સાથેની ફિલ્મ હશે. સૂત્રએ જણાવ્યું,"આ ફિલ્મને ડિરેક્ટ કરીને રિતેશ શાહ ડેબ્યુ કરશે. પણ આ ફિલ્મ નીરજ પાંડેની સર્જનાત્મકતાથી ભરપુર હશે. મનોજ બાજપાઈ અને સાકિબ ઉપરાંત આ ફિલ્મમાં અક્ષય ઓબેરોય પણ મહત્વના રોલમાં છે.''મનોજ બાજપાઈ અને નીરજ પાંડે પહેલાં 'સ્પેશિયલ ૨૬', 'ઐય્યારી' અને 'નામ શબાના' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે.






રણબીર અને આલિયાની 'બ્રહ્માસ્ત્ર ૧ - શિવા' તેમજ 'કલકી'માં માતાનો રોલ કરી ચૂકી છે

# અભિનેત્રી દીપિકા પાદૂકોણ 'કિંગ'માં સુહાના ખાનની માનો રોલ કરશે

શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની જોડી વધુ એક વખત મોટા પડદે જોવા મળશે. એ વાતની ચર્ચા કરતાં પણ મહત્વની અને રસપ્રદ વાત એ છે કે શાહરુખની 'કિંગ'માં દીપિકા પાદૂકોણ સુહાના ખાનની માતાનો રોલ કરશે. સિદ્ધાર્થ આનંદની આ એક્શન થ્રિલર ફિલ્મમાં દીપિકા એક મહત્વનો કેમિયો કરતી જોવા મળશે. આ પહેલાં દીપિકા અટલીની 'જવાન', રણબીર કપૂર અને આલિયાની 'બ્રહ્માસ્ત્ર ૧ - શિવા' તેમજ 'કલકી'માં માતાનો રોલ કરી ચૂકી છે. એવા અહેવાલો પણ છે કે, "તેનો રોલ ફિલ્મ માટે ઘણો મહત્વનો છે, તેમના સંઘર્ષથી જ સ્ટોરી શરૂ થાય છે. શાહરુખ અને સિદ્ધાર્થ આનંદ બંને આ ફિલ્મમાં દીપિકાને જ લેવા માગતા હતા કારણ કે આ પાત્ર ઘણું મહત્વનું છે. દીપિકાએ પણ આ લાંબો રોલ ન હોવા છતાં તરત જ આ રોલ સ્વીકારી લીધો હતો.''કિંગ'માં શાહરુખ અને દીપિકા છઠ્ઠી વખત એકસાથે કામ કરતાં જોવા મળશે. 'પઠાણ' અને 'જવાન' પછી તેમની બંનેની સતત સાથે આ ત્રીજી ફિલ્મ છે. તેઓ



૨૦૨૬માં યશરાજ ફિલ્મ્સની 'પઠાણ ૨'માં પણ એક સાથે કામ કરવાના હોવાની ચર્ચા છે. દીપિકાએ ડેબ્યુ જ શાહરુખ સાથે 'ઓમ શાંતિ ઓમ' ફિલ્મથી કર્યુ હતું. ત્યાર બાદ તેણે શાહરુખ સાથે 'હેપ્પી ન્યુ યર', 'ચેન્નઈ એક્સપ્રેસ'માં પણ શાહરુખ સાથે કામ કર્યુ છે.'કિંગ'માં 'મૂંજ્યા' ફેમ અભય વર્મા પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મનું શૂટ આવનારા મે-જૂન મહિનામાં શરૂ થવાની શક્યતા છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે.દીપિકા આ પહેલાં શાહરુખ અને રણબીરની માતાનો રોલ કરી ચૂકી છે અને હવે તે સુહાનાની માતાનો રોલ કરી રહી છે.

### હું સૌથી ઓછું કામ કરનારી અભિનેત્રી છું


# કાજોલનો વસવસોઃ બાળકો મારું સન્માન નથી જાળવતા



સિનેમાની દુનિયાનું ચમકતું નામ, કાજોલ એવી એક્ટ્રેસ છે જેને કોઈ પરિચયની જરૂર નથી. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'કુછ કુછ હોતા હૈ' અને 'ગુપ્ત' જેવી સુપરહિટ ફિલ્મો આપનારી કાજોલના આજે દરેક ઉંમરના ચાહકો છે. પરંતુ કાજોલના જણાવ્યા મુજબ, તેના પોતાના બાળકો તેનું સન્માન તે રીતે નથી કરતા જેવું થવું જોઈએ. આટલી બ્લૉકબસ્ટર ફિલ્મો આપ્યા પછી પણ તેના બાળકોને માતાના કામની કોઈ કદર નથી. બોલિવૂડની જાણીતી એક્ટ્રેસ કાજોલે તાજેતરમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. કાજોલે પોતાના કરિયર, ફિલ્મો અને પરિવાર વિશે ખુલીને વાત કરી હતી.કાજોલે પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત 'બેખુદી'થી કરી હતી. તે કહે છે, "હું તાજેતરમાં મારી ફિલ્મોગ્રાફી જોઈ રહી હતી અને આશ્ચર્ય થશે કે હું સૌથી ઓછું કામ કરનારી અભિનેત્રી છું. મારા પછી આવેલા ઘણા કલાકારોએ મારા કરતાં વધુ કામ કર્યું છે. મેં કદાચ ૫૦ જ ફિલ્મો કરી હશે.'' જોકે, કાજોલ હજુ પણ ફિલ્મોથી સંપૂર્ણ દૂર નથી અને અમુક ફિલ્મોમાં સક્રિય છે. પરંતુ જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તેના બાળકો તેને નથી કહેતા કે તમે આટલી મોટી સ્ટાર છો, તો પછી આટલું ઓછું કામ કેમ કરો છો? તો કાજોલે જણાવ્યું કે તેના ઘરમાં પરિસ્થિતિ એનાથી ઊલટી છે.કાજોલે જણાવ્યું કે તેના બાળકો તેને કહે છે, "તમે ઘરે કેમ નથી બેસતા? તમને કામની શું જરૂર છે? બીજી મમ્મીઓને જુઓ, તેઓ સ્કૂલે લેવા આવે છે, પાર્ટીમાં હાજર હોય છે...'' કાજોલ આગળ કહે છે, "હું તેમને કહું છું કે ના, મારે ઘરે નથી બેસવું. હું મારું કામ કરીને ખુશ છું અને મને લાગે છે કે જ્યારે તેઓ મોટા થશે, ત્યારે કદાચ મારું વધુ સન્માન કરશે. હું ફક્ત આશા રાખું છું કે તેઓ જલ્દી મોટા થાય.'' ઉલ્લેખનીય છે કે અજય દેવગન સાથે લગ્ન કરનારી કાજોલ બે બાળકોની માતા છે દીકરી નિસા અને દીકરો યુગ. કાજોલે આ મંચ પર જે વાત કરી, તેની સાથે ઘણી વર્કિંગ માતાઓ પોતાની જાતને જોડી શકે છે. માતા-પિતા અને બાળકોનો સંબંધ એવો હોય છે કે બહારથી ભલે પ્રેમ દેખાય, પરંતુ તેનો પ ાયો સન્માન પર જ ટકેલો હોય છે. બાળકો હંમેશાં એવું ઈચ્છે છે કે માતા-પિતા તેમના પર ગર્વ અનુભવે, જ્યારે માતા-પિતા આખી જિંદગી એ કોશિશમાં વિતાવે છે કે બાળકો તેમને સન્માનની નજરે જુએ. ઘણી વખત વર્કિંગ મહિલાઓને આ સમસ્યાનો સામનો કરવો પડે છે કે તેમના બાળકોને માતાનું કામ કરવું પસંદ નથી. તેઓ ઈચ્છે છે કે તેમની મમ્મી ઘરે રહીને સ્કૂલેથી આવવાની રાહ જુએ કે દરેક પળે તેમની સાથે રહે.

### ડેટિંગ જીવન વિશે ઘણી અટકળો | કાર્તિક આર્યન બોલિવૂડના સૌથી પ્રતિભાશાળી કલાકારોમાંના એક

# કાર્તિક શ્રીલીલા વચ્ચે મિત્રતાથી વિશેષ હોવાની ચર્ચા



કાર્તિક આર્યન અને દક્ષિણ અભિનેત્રી શ્રીલીલા ડેટિંગ કરી રહ્યા હોવાની અફવાઓ છે. હવે ભૂલ ભુલૈયા ૩ના અભિનેતાએ આખરે આ અફવાઓ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. કાર્તિક આર્યન બોલિવૂડના સૌથી પ્રતિભાશાળી કલાકારોમાંના એક છે. ગયા વર્ષે કાર્તિકની 'ભૂલ ભૂલૈયા ૩' સુપરહિટ રહી હતી. હવે અભિનેતા અનુરાગ બાસુની આગામી અનટાઈટલ્ડ મ્યુઝિકલ રોમેન્ટિક ડ્રામા ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તે દક્ષિણની અભિનેત્રી શ્રીલીલા સાથે જોવા મળશે. આ બધાની વચ્ચે, કાર્તિક અને શ્રીલીલા વિશે ડેટિંગની અફવાઓ પણ ફેલાઈ રહી છે. આખરે કાર્તિકે આ અફવાઓ પર પોતાનું મૌન તોડ્યું છે.છેલ્લા કેટલાક વર્ષોમાં, કાર્તિક આર્યનનું નામ તેના ઘણા સહ-કલાકારો સાથે જોડાયું છે, પછી ભલે તે જાહ્નવી કપૂર હોય કે સારા અલી ખાન. તાજેતરમાં, શ્રીલીલા સાથેના તેના ડેટિંગની અફવાઓ હેડલાઈન્સમાં ચમકી હતી. જોકે બંને સ્ટાર્સે આ અફવાઓ પર કોઈ ખાસ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ કાર્તિકે પોતાના રિલેશનશિપ સ્ટેટસનો ખુલાસો કર્યો છે. ખરેખર, કાર્તિકે તાજેતરમાં ફિલ્મફેરને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો જેમાં તેને જાહ્નવી અને અનન્યા સાથેના સંબંધ પછી તેના સંબંધની સ્થિતિ વિશે પૂછવામાં આવ્યું હતું.આ અંગે કાર્તિકે કહ્યું, "હું હાલમાં સિંગલ છું અને ડેટિંગ કરતો નથી. પહેલા, મારા ડેટિંગ જીવન વિશે ઘણી અટકળો હતી, કેટલીક સાચી હતી, કેટલીક ખોટી. તે સમયે, મને એ ખ્યાલ નહોતો કે લોકો મને બીજાઓ સાથે રોમેન્ટિક રીતે જોડી રહ્યા છે અને મેં તેના પર વધુ ધ્યાન આપ્યું નહીં. મીડિયા ઘણીવાર એક જ ફોટામાંથી વાર્તાઓ બનાવતું, ભલે હું હમણાં જ કોઈને મળ્યો હોઉં. તે અવાસ્તવિક લાગતું હતું, અને મને મારા ડેટિંગ જીવન વિશે અપડેટ્સ પણ મળતા હતા.



# મીરાખેડી ખાતે ધારાસભ્યના દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત ગામની મુલાકાત કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ધારાસભ્ય મહેશ ભુરીયા દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત મીરાખેડી ગામની મુલાકાત કરાઈ. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશની સૂચના અનુસાર ગાંવ ચલો અભિયાન અંતર્ગત મારા મતવિસ્તાર ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામની મુલાકાત લઈ બુથની બેઠક યોજી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત સદસ્ય કૃષ્ણરાજ ભુરીયા, ગામના આગેવાનો અને કર્મઠ કાર્યકર્તાઓ હાજર રહ્યા.

# પોષણ પખવાડિયામાં કુહા, ગીરમથા, જેતલપુર, સનાથલ કેન્દ્રો ખાતે બાળકો અને સગર્ભા માતાની ગૃહ મુલાકાત કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ અને સાણંદ તાલુકાના મહિલા અને બાળ વિકાસ વિભાગના આઈસીડીએસ કાર્યક્રમ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ સુધી આયોજિત આ પોષણ પખવાડિયા અંતર્ગત કુહા, ગીરમથા, જેતલપુર, સનાથલના કેન્દ્રો ખાતે આંગણવાડી કાર્યકરો દ્વારા ૬થી ૧૩ વર્ષના બાળકના ઘરની મુલાકાત કરી તેના વાલીને ટેક હોમ રાશન (THR) માંથી વિવિધ વાનગી બનાવીને તેને આ ખોરાક જમાડવા માટેની સમજ આપવામાં આવી હતી. બાળકને આયર્નની સીરપ, વિટામિન છ, કૃમીની ગોળી આપવા, તેમજ ઘરમાં બનતી વાનગીમાં THRનો નિયમિત ઉપયોગ કરવા, નજીકના આંગણવાડી કેન્દ્રમાં બાળકને લઈ જઈ સમયસર વજન, ઊંચાઈ કરાવવા, જેથી બાળકનો વૃદ્ધિ વિકાસ થયો છે તે જાણી શકાય તેવી સમજ વાલીઓને આપવામાં આવી હતી.

આ ઉપરાંત, આંગણવાડી કાર્યકરો દ્વારા સાત માસના બાળકની માતા અને સગર્ભા માતાની





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

મુલાકાત કરી તેઓને THR સાથે આરોગ્ય અને પોષણ વિશે જણાવી તેમને ૧૦૦૦ દિવસનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. સાથે જ, મમતા દિવસ અંતર્ગત સગર્ભા માતાના વજન અને ઊંચાઈ કરી, બાળકોનું પૂર્ણ રસીકરણ, ૬ માસ પૂર્ણ કરેલ બાળકોની ગૃહ મુલાકાત અને બાળક છ માસ પૂર્ણ કરેલ છે તો ઉપરી આહાર આપવા વિશેની ચર્ચા કરવામાં આવી હતી.

### ૧૨મી એપ્રિલે મુખ્યમંત્રી આણંદ જિલ્લાની મુલાકાતે

# નડિયાદ-પેટલાદ-ખંભાત રોડ પર પેટલાદ કોલેજ ચોકડી પાસેના રૂપિયા ૩૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ ઓવર બ્રિજનું કરશે લોકાર્પણ



। (માહિતી) આણંદ, તા.૧૦ ।

આગામી તા. ૧૨ એપ્રિલના રોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આણંદ જિલ્લાની મુલાકાતે પધારનાર છે. મુખ્યમંત્રીશ્રી જિલ્લાના નડિયાદ-પેટલાદ-ખંભાત રોડ પર આવેલ પેટલાદ કોલેજ ચોકડી પાસેના રૂપિયા ૩૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા રેલવે ઓવર બ્રિજનું લોકાર્પણ કરશે.

મુખ્યમંત્રીશ્રીની આણંદ જિલ્લાની મુલાકાતને ધ્યાને લઈ જિલ્લા વિકાસ અધિકારી અધિકારી સુશ્રી દેવાહુતીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમના સુચારુ આયોજન – અમલીકરણ અર્થે સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ સાથે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મુખ્યમંત્રીશ્રીના પેટલાદ ખાતેના કાર્યક્રમને ધ્યાને લઈ સબંધિત અધિકારીશ્રીઓને તેમના હસ્તકની કામગીરી સુચારૂ રૂપે થાય તે જોવા જણાવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.એસ. દેસાઈએ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓને તેમના કાર્યક્ષેત્ર અંતર્ગત કરવાની થતી કામગીરીથી માહિતગાર કરી કાર્યક્રમના સ્થળ, હેલીપેડ, રસ્તા, ટ્રાફિક સહિતની આનુસાંગિક તમામ વ્યવસ્થાઓ સંદર્ભે ઉપસ્થિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચના-માર્ગદર્શન આપ્યુ હતુ.

આ બેઠકમાં નાયબ વન સંરક્ષક શ્રી સુરેશ મીણા, પેટલાદના મદદનીશ કલેક્ટર શ્રી હિરેન બારોટ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પી.કે. દિયોરા, આણંદ પ્રાંત અધિકારીશ્રી મયુર પરમાર, બોરસદ પ્રાંત અધિકારીશ્રી અમિત પટેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના ખેડૂતો ખરીફ પાકોનું વાવેતર અને ઉત્પાદન વધારી શકે તેવો ખેડૂત હિતકારી અભિગમ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કપાસ અને અન્ય ખરીફ પાકોનું વાવેતર કરતા ખેડૂતોના વિશાળ હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો આગોતરૂં આયોજન કરીને પાકનું વાવેતર અને ઉત્પાદન વધારી શકે તે માટે મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે તા.૧૫મી મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે.

સામાન્ય રીતે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ સિઝન માટે તા.૧૫મી જૂન પછી પાણી છોડવામાં આવતું હોય છે. ખેડૂતોને જો સિંચાઈ માટે વહેલું પાણી આપવામાં આવે તો તેઓ વધુ ઉત્પાદન મળવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની શકે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ધરતીપુત્રો પ્રત્યે સંવેદનશીલતાપૂર્વકનો અભિગમ અપનાવીને ચાલુ વર્ષે નર્મદા કમાન્ડ વિસ્તારમાં તા.૧૫ જૂનને બદલે તા.૧૫મી મે એટલે કે ૩૦ દિવસ વહેલું જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના કિસાન હિતકારી નિર્ણયને પગલે ખેડૂતો ખાસ કરીને કપાસ જેવા પાકોનું આગોતરૂં આયોજન ખેડૂતો કરી શકશે. એટલું જ નહિં, ઉત્પાદન વધારા માટે આગોતરી વાવણી પણ કરી શકશે.

# લીમડી ગૌ રક્ષા સમિતિ દ્વારા બિન વારસી પશુઓના ગળામાં રેડિયમ બાંધવાની કામગીરી હાથ ધરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

લીમડી ગૌ રક્ષા સમિતિ તેમજ ગૌ પ્રેમી લોકો દ્વારા બિન વારસી પશુઓના અકસ્માત અટકાવવા માટે એક પ્રયાસ કરાયો. રાત્રિ સમય દરમિયાન મોટા પ્રમાણમાં પશુઓ સાથે અકસ્માત સર્જાય રહ્યા હોય તેવી ઘટનાઓ હાલ બની રહી છે. જેને પગલે ગૌ રક્ષા સમિતિ દ્વારા બિન વારસી પશુઓના ગળામાં રેડિયમ બાંધવાની કામગીરી હાથ ધરાઈ. મોટા પ્રમાણપત્ર પશુઓને રેડિયમ બાંધવામાં આવી. રેડિયમ બાંધવાની કામગીરીથી ગ્રામજનો દ્વારા ગૌ રક્ષા સમિતિના કામની પ્રસંશા પણ કરાઈ.

# રાજ્યના ૧૭ થી ૪૫ વર્ષની વયના યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક હિમાલય ભ્રમણ કાર્યક્રમ યોજાશે

### ઈચ્છુક ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ૭ મે, ૨૦૨૫ સુધીમાં અરજી કરવાની રહેશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલિમ સંસ્થા,સાધના ભવન, માઉન્ટ આબુ દ્વારા આગામી જુલાઈ ૨૦૨૫માં હિમાલય ભ્રમણ કાર્યક્રમ યોજાશે તેમ યુવક સેવા અને સાંસ્કુતિક પ્રવૃત્તિની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, હિમાલય ભ્રમણ ટુકડીમાં જોડાવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ નિયત અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે. નિયત અરજી પત્રક તથા મૂળ જાહેરાત svim administrationના ફેસબુક પેજ પરથી મેળવવાનું રહેશે. ઈચ્છુક ઉમેદવારે પોતાનું પુરું નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત વગેરે દર્શાવવાનું રહેશે. તદઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો જન્મનો દાખલો અથવા ડોમીસાઈલ પ્રમાણપત્ર, વાલીની સંમતી, ખડક ચઢાણનો એડવાન્સ/કોચિંગ કોર્ષ સફળતા પૂર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર સામેલ હોવું જરૂરી છે. અત્રે નોંધનીય છે કે, કોચિંગ કોર્ષ સફળતા પુર્વક પુર્ણ કરનારને અગ્રતા આપવામાં આવશે.

આ ઉપરાંત માઉન્ટ આબુ/જુનાગઢ ખાતે વર્ષ ૨૦૨૪-૨૫માં માનદ ઈંસ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેના પ્રમાણ પત્રોની નકલ જોડવાની રહેશે.સંપુર્ણ વિગતો તથા બિડાણો સાથેની અરજી તા.૦૭ મે, ૨૦૨૫ સુધીમાં આચાયશ્રી, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, ગૌમુખ રોડ, માઉન્ટ આબુ- ૩૦૭૫૦૧ને મોકલી આપવાની રહેશે. ઉમેદવારને શારીરિક કસોટી માટે બોલાવવામાં આવે ત્યારે સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારોની લાયકાત અને ગુણવત્તાના આધારે પસંદગી કરાશે.પસંદગી પામેલ ઉમેદવારોને તેમના વતનથી હિમાલય ખાતેના ભ્રમણ સ્થળ સુધી જવા-આવવાના પ્રવાસ ખર્ચ, ભોજન ખર્ચ તેમજ નિવાસ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે. અન્ય વ્યક્તિગત સાધન સામગ્રીની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. પસંદગી પામેલ ઉમેદવારને ઈ- મેઈલ/ફોન દ્વારા જાણ કરાશે. તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

### અદાણી જૂથમાં બ્લેકરોક સૌથી મોટા રોકાણકાર તરીકે ઉભર્યું

# બ્લેકરોકે અદાણી જૂથમાં $750 મિલિયનના ખાનગી બોન્ડ ઇશ્યૂમાં સીધું રોકાણ કર્યું

। અમદાવાદ, તા.૧૦ ।




વિશ્વના સૌથી ધનિક ઈન્વેસ્ટિંગ જાયન્ટ્સમાના એક યુએસના બ્લેકરોકે અદાણી જૂથમાં રોકાણ કર્યુ છે. તાજેતરના ડોલર ઈશ્યુમાં બ્લેકરોક અદાણી જૂથમાં સૌથી મોટા રોકાણકાર તરીકે ઉભરી આવ્યું છે. $12 ટ્રિલિયન એસેટ્સનું સંચાલન કરતા યુએસ સ્થિત રોકાણકારે અદાણીમાં ૩-૫ વર્ષ માટે $750 મિલિયનના ખાનગી બોન્ડ ઈશ્યુનો એક તૃતીયાંશ હિસ્સો લીધો છે.

અદાણી ગ્રુપનો આ બીજો ખાનગી ડોલર બોન્ડ ઈશ્યૂ છે. ફેબ્રુઆરીમાં ગ્રુપે તેના ઓસ્ટ્રેલિયન પોર્ટ ઓપરેશન્સ માટે આશરે $200 મિલિયન એકત્ર કર્યા હતા. DOJ ના આરોપ પછીનો તાજેતરનો વધારો - લગભગ ચાર ગણો મોટો અને સૌથી મોટો છે.

વિખ્યાત ઈન્વેસ્ટીંગ જાયન્ટ બ્લેકરોક અદાણી ગ્રુપ દ્વારા ખાનગી બોન્ડ ઈશ્યુમાં સૌથી મોટા રોકાણકાર તરીકે ઉભરી આવ્યું છે. આ રોકાણ એવા સમયે કરવામાં આવ્યું છે, જ્યારે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) ના આરોપ બાદ અદાણી ગ્રુપના અધિકારીઓ તપાસ હેઠળ છે. બ્લેકરોકનું રોકાણ એ વાતનો સ્પષ્ટ સંકેત આપે છે કે કાનૂની કાર્યવાહીમાં ઉદ્ભવતા પ્રશ્નોથી અદાણી સમૂહની ઓપરેશનલ ક્ષમતામાં કોઈ વિક્ષેપો નહીં આવે.

બ્લેકરોકનું આ પગલું ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં તેનું પ્રથમ ખાનગી પ્લેસમેન્ટ છે. બ્લેક-રોકના ચેરમેન લેરી ફિંકે અગાઉ જણાવ્યું હતું કે ''ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ લાંબા ગાળાના રોકાણની સૌથી રોમાંચક તકોમાંની એક છે. કારણ કે તેનાથી સંખ્યાબંધ માળખાકીય પરિવર્તનો વૈશ્વિક અર્થતંત્રને પણ નવો આકાર આપે છે.''

ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાર્ટનર્સ (GIP) ના $12.5 બિલિયનના સંપાદન બાદ કંપની બંદરો વીજળી અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. ૨૦૨૫ માં રોકાણકારોને સંબંધતા તેમણે એમ પણ કહ્યું હતું કે, ''આપણે એક એવી વિશાળ તકને આરે ઉભા છીએ જેને સમજવું લગભગ મુશ્કેલ છે. ૨૦૪૦ સુધીમાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણની વૈશ્વિક માંગ $68 ટ્રિલિયન રહેશે.''

બ્લેકરોક ઉપરાંત અન્ય પાંચ સંસ્થાકીય રોકાણકારોએ પણ અદાણી ગ્રુપના નવીનતમ મૂડી એકત્રીકરણમાં ભાગ લીધો હતો. જેમાં મુખ્યત્વે અમેરિકન અને યુરોપિયન રોકાણકારોનો સમાવેશ થાય છે. અદાણી જૂથ વિશ્વના સૌથી મોટા રોકાણકારોના પ્રવેશને તેમનામાં વિશ્વાસના મજબૂત મત તરીકે જુએ છે, ખાસ કરીને એવા સમયે જ્યારે ચાલુ DOJ તપાસને કારણે ભંડોળ ઊભું કરવાની તેની ક્ષમતાઓ પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

ગત વર્ષે અદાણી ગ્રુપે તેના પ્રમોટર્સ પાસેથી ૫,૮૮૮.૫૭ કરોડ રૂપિયામાં ITD સિમેન્ટેશનમાં ૪૬.૬૪% હિસ્સો ખરીદવાની જાહેરાત કરી હતી. જેનો હેતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં તેની એન્જિનિયરિંગ ક્ષમતાઓને મજબૂત બનાવવાનો હતો. રિન્યુ એક્ઝિમે ત્યારથી પ્રતિ શેર રૂ. ૪૦૦ ના ભાવે ઓપન ઓફર દ્વારા વધારાનો ૨૦.૮૧% હિસ્સો હસ્તગત કર્યો છે.

જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ અને તુતીકોરીન, મુન્દ્રા અને વિઝિંજામ જેવા મુખ્ય બંદરોના વિકાસ પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે જાણીતા ITD સિમેન્ટેશનને, અદાણીના લાંબા ગાળાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર મહત્વાકાંક્ષાઓ માટે એક વ્યૂહાત્મક સંપત્તિ તરીકે જોવામાં આવે છે.

# ડો.સુધીર જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ઇજનેરી કોલેજ દાહોદના વિદ્યાર્થીઓ માટે હેલ્થ સેમિનાર યોજાયો



। (માહિતી) દાહોદ, તા.૧૦ ।

નિયામકશ્રી આયુષ કચેરી ગાંધીનગર તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા આર્યુવેદ અધિકારી દાહોદના માર્ગદર્શન હેઠળ ૧૦ એપ્રિલ ૨૦૨૫ સુધી વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ હોમિયોપેથી દિવસની નિમિત્તે વિવિધ કાર્યક્રમોમાં અનેક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે

સરકારી ઈજનેરી કોલેજ દાહોદના વિદ્યાર્થીઓ માટે હેલ્થ અવેરનેસ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેલ્થ સેમિનારમાં જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ.સુધીર જોશી, ડૉ અલ્કાબેન ડામોર સ.આ. દ.છાસીયા, મેડિકલ ઓફિસર, ડૉ સંગીતબેન બોખાણી મેડિકલ ઓફિસર સ.આ. દ કારઠ, ડૉ દેવેન્દ્ર ડામોર મેડિકલ ઓફિસર હોમીઓપેથી સ.હો.દ પુંસરી ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ડો.સુધીર જોશી દ્વારા લોકોના સ્વાસ્થ્ય રક્ષણ અને સંવર્ધન માટે ફરજ બજાવવી તે અંગે વિસ્તાર પૂર્વક સમજણ આપવામાં આવી હતી. આજના સમયના પડકારોમાં સંવર્ધન આયુષના સિંદ્ધાંતો દ્વારા કેવી રીતે કરી શકાય તે અંગે આયુર્વેદ



- યોગ ઈત્યાદિ વિષે માહિતી અને સમજણ આપવામાં આવી હતી.

ડૉ અલ્કાબેન અને ડૉ સંગીતાબેન દ્વારા આયુષ અને આયુર્વેદિક વિષે માહિતી આપવામાં હતી. ડૉ દેવેન્દ્ર ડામોર દ્વારા હોમીયોપેથી સારવારની અસરકારક્તા વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં વિધાર્થીઓ દ્વારા સ્વાસ્થ્ય , વ્યશન મુક્તિ , રોગ પ્રીતિકારક શક્તિ વધે તે અંગે પોતાના વ્યક્તવ્ય રજુ કરવામાં આવ્યા હતા. આ હેલ્થ સેમિનારમાં મોટી સંખ્યામાં પ્રાધ્યાપક ગણ અને વિધાર્થીઓ હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. તમારું ધન તમારા કામમાં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે.

**સિંહ (મ,ટ) :**

આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો.પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન લેવાનું ટાળવું ન કરવું જોઈએ કારણ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે. તમારી આસપાસ શું થઈ રહ્યું છે, તમારે માત્ર તેનું જ ધ્યાન રાખવાનું છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**મકર (ખ,જ) :**

આજે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. તમે તમારી યોજનાઓ વિશે સૌને જણાવ્યા કરશો.

## સુપ્રીમ કોર્ટે ૧૪ માર્ચ સુધીમાં ખુલાસો કરવા કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યા હતા

# મોટર એક્સિડન્ટમાં ઝડપી કેશલેસ સારવાર યોજનાનો અમલ નહીં થતાં સુપ્રીમે કેન્દ્ર સરકારને ઝાટકી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

મોટર એક્સિડન્ટમાં ઈજા પામેલા લોકો માટે કેશલેસ મેડિકલ સારવારની યોજનાનો અમલ નહીં કરવા બદલ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી છે અને કેન્દ્રિય માર્ગ-વાહનવ્યાહર સચિવને આ મામલે ખુલાસો કરવા સમન્સ પાઠવ્યા છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ૮ જાન્યુઆરીના રોજ હુકમ કર્યો હોવા છતાં કેન્દ્ર દ્વારા તેનો અમલ નહીં થતા જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાની બેન્ચે કેન્દ્ર સરકાર સમક્ષ વાંધો ઊઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટે આપેલી સમયમર્યાદા ૧૫ માર્ચે પૂરી થઈ હતી. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યુ હતું કે, સુપ્રીમ કોર્ટે આપેલા હુકમોના ગંભીર અનાદર ઉપરાંત અત્યંત લાભદાયી કાયદાના અમલમાં પણ બેદરકારી છે. કોર્ટના નિર્દેશોના પાલન નહીં કરવા બાબતે ખુલાસો કરવા માર્ગ અને વાહનવ્યવહારસચિવને વીડિયો કોન્ફરન્સથી કોર્ટ સમક્ષ હાજર થવા આદેશ અપાયો છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે ઠરાવ્યુ હતું કે, ઉચ્ચ સરકારી અધિકારીઓને સમન્સ અપાય છે ત્યારે જ કોર્ટના હુકમને ગંભીરતાથી લેવામાં આવે છે. સરકાર વતી એડિશનલ સોલિસિટર જનરલ વિક્રમજીત બેનરજીએ દલીલ કરી હતી કે, આ યોજનાના અમલમાં કેટલીક સમસ્યાઓ છે. સુપ્રીમ કોર્ટે સરકારની આ દલીલને ફગાવી દેતાં ઠરાવ્યુ હતું કે, આ કાયદો સરકારનો છે અને કેશલેસ સારવારના અભાવે અનેક લોકો જીવ ગુમાવી રહ્યા છે. આ કાયદો સામાન્ય લોકોના ભલા માટેનો છે. આ કેસમાં નોટિસ આપી છે અને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની જોગવાઈ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. માર્ગ-વાહનવ્યહવહાર સચિવને ૨૮ એપ્રિલે સુનાવણી માટે ઉપસ્થિત રહેવા નિર્દેશ અપાયા છે. આ સાથે કોર્ટે તમામ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને લેખિતમાં સૂચના આપવા સચિવને નિર્દેશ આપ્યા છે, જે મુજબ હિટ એન્ડ રનના કેસની વિગતો જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલરના પોર્ટલ પર મૂકવી પડશે. ઉલ્લેખનીય છે કે, મોટર વ્હિકલ એક્ટ, ૧૯૮૮ની કલમ મુજબ, મોટર એક્સિડન્ટના પીડિતોને ગોલ્ડન અવર દરમિયાન કેશલેસ મેડિકલ ટ્રીટમેન્ટ આપવાની હોય છે.

## દિલ્હીમાં ૨૫.૬ ડિગ્રી સાથે લઘુતમ તાપમાનનો ૩ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

# ઉત્તર ભારતમાં હીટવેવનો પ્રકોપ, રાજસ્થાન ૪૬.૪ ડિગ્રીમાં શેકાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશમાં કાળકાળ ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો છે. રાજસ્થાનના બાડમેરમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યનું સૌથી વધુ ૪૬.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. બીજી તરફ દિલ્હીમાં છેલ્લાં ત્રણ વર્ષમાં એપ્રિલ મહિનામાં સૌથી વધુ ૨૫.૬ ડિગ્રી લઘુતમ તાપમાન રહેતા રાત્રે પણ લોકો શેકાયા હતાં. જોકે હવામાન વિભાગે ૧૦-૧૧ એપ્રિલે રાજસ્થાન, હિમાચલપ્રદેશ, આંધ્રપ્રદેશના વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરી હોવાથી ગરમીપમાં રાહત મળવાની ધારણા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં તીવ્ર હીટવેવની સ્થિતિ જળવાઈ રહેવાની ધારણા છે. જોકે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય બન્યું હોવાથી ૧૦-૧૧ એપ્રિલે બિકાનેર, જયપુર, ભરતપુર અને જોધપુર ડિવિઝનના વિસ્તારોમાં પ્રતિકલાક ૪૦થી ૫૦ કિમીના ઝડપે ભારે પવન સાથે વાવાઝોડું અને હળવા વરસાદની ધારણા છે.દિલ્હી બુધવારે સતત ત્રીજા દિવસે હીટવેવમાં શેકાયું હતું. દિવસની કાળઝાળ ગરમી પછી રાત્રે પણ તાપમાન ૨૫.૬ ડિગ્રી જેટલું ઊંચું રહેતા



દિલ્હીવાસીઓને એપ્રિલમાં સિઝનની પહેલી 'ગરમ' રાતનો અનુભવ થયો હતો. સોમવારે દિલ્હીમાં સિઝનની પહેલી હીટવેવ નોંધાઈ હતી. સોમવારે મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. બુધવારે શહેરમાં એપ્રિલમાં ત્રણ વર્ષમાં સૌથી વધુ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું અને ગરમીનો પારો ૨૫.૬ ડિગ્રી રહ્યો હતો, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં તીવ્ર હીટવેવની સ્થિતિ જળવાઈ રહેવાની ધારણા છે જે સામાન્ય કરતાં ૫.૬ ડિગ્રી વધારે હતું. દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ પણ ૨૩૩ના ઊંચા સ્તરે રહ્યો હતો.હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુરુવારે હિમાચલના ચંબા, કુલ્લુ, કાંગડા અને લાહૌલ અને સ્પીતિના કેટલાક સ્થળોએ હળવો વરસાદ અને બરફ પડવાની શક્યતા છે અને શુક્રવારે શિમલા, સિરમૌર સોલન અને કાંગડાના ઘણા ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. દક્ષિણ રાજ્ય આંધ્રપ્રદેશના કેટલાંક વિસ્તારોમાં ૯થી ૧૩ એપ્રિલ દરમિયાન વીજળીના કડાકા અને ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી કરી હતી.

## મોહમ્મદ યુનુસની ટીપ્પણી પછી સરકારનો નિર્ણય

# બાંગ્લાદેશ હવે ભારતના માર્ગે વેપાર નહીં કરી શકે

## આ સુવિધાથી બાંગ્લાદેશ ભૂતાન, નેપાળ-મ્યાનમાર જેવા દેશોમાં સરળતાથી નિકાસ કરી શકતું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।



બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ભારતના પૂર્વાત્તર રાજ્યો અંગે ચીનમાં જઈને કરેલી વિવાદાસ્પદ ટીપ્પણી પછી ભારતે બાંગ્લાદેશ માટે ટ્રાન્સશિપમેન્ટ ફેસિલિટી બંધ કરી દીધી છે. આ ફેસિલિટી હેઠળ બાંગ્લાદેશ ભારતના પોર્ટ અને એરપોર્ટનો ઉપયોગ કરીને પડોશી દેશોમાં નિકાસ કરતું હતું અને તેને સમય અને ખર્ચની બચત થતી હતી. આ સુવિધા પાછી ખેંચી લેવાથી બાંગ્લાદેશના નિકાસ અને આયાત લોજિસ્ટિક્સમાં વિક્ષેપ પડવાની ધારણા છે.ભારતના નિકાસકારો અને ખાસ કરીને એપેરેલ ક્ષેત્રની માગણીને પગલે ભારતે બાંગ્લાદેશને આ ફટકો માર્યો છે. આ સુવિધાથી બાંગ્લાદેશ ભૂતાન, નેપાળ અને મ્યાનમાર જેવા દેશોમાં સરળતાથી નિકાસ કરી શકતું હતું. ભારતે જૂન ૨૦૨૦માં બાંગ્લાદેશ માટે આ સુવિધા ચાલુ કરી હતી. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સના ૮ એપ્રિલના પરિપત્રમાં જણાવાયું હતુ કે ૨૯ જૂન, ૨૦૨૦ના રોજના પરિપત્રને તાત્કાલિક અસરથી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતમાં પહેલાથી જ પ્રવેશેલા કાર્ગોને પરિપત્રમાં આપેલી પ્રક્રિયા અનુસાર ભારતીય પ્રદેશમાંથી બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવશે. યુનુસે ચીનમાં એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે કથિત રીતે કહ્યું હતું કે ભારતના પૂર્વ વિસ્તારના સેવન સિસ્ટર તરીકે ઓળખાતા સાત રાજ્યો લેન્ડલોક્ડ છે અને તેમની પાસે સમુદ્ર સુધી પહોંચવાનો કોઈ રસ્તો નથી. અમે સમુદ્ર (બંગાળની ખાડી)ના રક્ષક છીએ. તેમણે ચીનને આ માર્ગ દ્વારા વિશ્વભરમાં માલ મોકલવા માટે પણ આમંત્રણ આપ્યું હતું.

# પાંચ વાર નસબંધી છતાં મહિલા અઢી વર્ષમાં ૨૫ વખત માતા બની!

। (એજન્સી) આગ્રા, તા.૧૦ ।

યુપીના આગ્રાથી એક અજીબોગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક મહિલાએ પાંચ વખત નસબંધી કરાવી હતી તેમ છતાં અઢી વર્ષમાં ૨૫ વખત માતા બની હતી. એટલું જ નહીં, મહિલાને રૂ. ૪૫૦૦૦ પણ ચૂકવવામાં આવ્યા હતા. જો કે, આ બધુ જનની સુરક્ષા યોજના અને સ્ત્રી નસબંધી પ્રોત્સાહન યોજનામાં થયેલા કૌભાંડને કારણે થયું હોવાનું સામે આવ્યું છે. આરોગ્ય વિભાગે આગ્રાના ફતેહાબાદના સીએચસીનું નિયમિત ઓડિટ કર્યા બાદ આ ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ડોક્યુમેન્ટમાં એક મહિલાના નામે ૨૫ ડિલિવરી અને પાંચ



નસબંધી દર્શાવવામાં આવી હતી આ જોઈને ઓડિટ ટીમ ચોંકી ગઈ હતી. એટલું જ નહીં, મહિલાને રૂ. ૪૫૦૦૦ પણ ચૂકવાયા હતા. આ પાછળ એક દલાલનું નામ પ્રકાશમાં આવ્યું છે, જે મહિલાઓ માટે ખાતા ખોલે છે. નામ, સરનામું અને એકાઉન્ટ નંબર મહિલાઓના હોય છે પણ તેમાં મોબાઈલ નંબર બ્રોકરનો હોય છે. જ્યારે લાભાર્થીના ખાતામાં પૈસા આવે છે ત્યારે બ્રોકર તેને ઉપાડી લે છે.નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩નું ઓડિટ કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ જનની સુરક્ષા યોજના અને સ્ત્રી નસબંધીમાં કૌભાંડનો પર્દાફાશ થયો હતો. સીએચસી ફતેહાબાદના ઓડિટ દરમિયાન ટીમને અનેક વખત સીકરારાના રહેવાસી લાભાર્થી કૃષ્ણા કુમારીનો રેકોર્ડ મળ્યો હતો. જેમાં છેલ્લા અઢી વર્ષમાં મહિલાની ૨૫ ડિલિવરી અને પાંચ નસબંધી દર્શાવવામાં આવી હતી.આરોગ્ય વિભાગને આ વાતની જાણ થતાં સીએમઓ ડૉ. અરુણ શ્રીવાસ્તવે તપાસના આદેશ આપ્યા હતા.

# ટેરિફની તલવાર દવાને પણ નહીં છોડે, ભારતના ફાર્માઉદ્યોગમાં ચિંતા

## અમેરિકામાં ફાર્માસ્યુટિકલ્સ પ્રોડક્શન નહીં થતું હોવાનો અફસોસ ડોનાલ્ડ ટ્રમ્પ અનેક વખત જાહેર કરી ચૂક્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાર્માસ્યુટિકલ્સ આયાતને પણ ટેરિફ હેઠળ સમાવી લેવાનું એલાન કર્યુ છે. અમેરિકામાં મોટાભાગની દવાઓની આયાત કરવામાં આવે છે, જ્યારે ટ્રમ્પ દવા કંપનીઓ પાસે અમેરિકામા ઉત્પાદન કરાવવા માગે છે. ટ્રમ્પે પોતાની ટેરિફ નીતિમાં દવાઓને સમાવી લેવાનું એલાન કરતા ભારતના ફાર્મા ઉદ્યોગને માઠી અસર પહોંચી શકે છે.અગાઉ ટ્રમ્પ તંત્ર દ્વારા રેસિપ્રોકલ ટેરિફ નીતિમાં ફાર્માસ્યુટિકલ્સ અને સેમિકન્ડક્ટરને બાકાત રખાયા હતા. પોતાની આ નીતિમાં પલટી મારતાં ટ્રમ્પે રિપબ્લિકન સભ્યોની બેઠકમાં જણાવ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ્સ પર ટૂંક સમયમાં ટેરિફ જાહેર થશે. ટેરિફ લાગુ થયા પછી કંપનીઓ દોડતી અમેરિકામાં આવશે.

## અત્યાર સુધીમાં ૧૨ ખેલાડીએ આ સિદ્ધિ હાંસલ કરી

# T20 ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બન્યો હાર્દિક

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા T20 ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બન્યો છે. અત્યાર સુધીમાં ૧૨ ખેલાડીઓએ આ સિદ્ધિ હાંસલ કરી ચૂક્યા છે. પંડ્યા આIPL સિઝનમાં જબરદસ્ત ફોર્મમાં છે. તે બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. હાર્દિક પંડ્યાએ સોમવારે RCB સામેની મેચમાં ઈતિહાસ રચી દીધો હતો. આ મેચમાં તેણે ૨ વિકેટ ઝડપી હતી. લિયામ લિવિંગસ્ટોનની વિકેટ T20માં તેની ૨૦૦મી વિકેટ હતી. આમ તે T20 ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બની ગયો છે. ખાસ વાત એ છે કે આ જ મેચમાં તેના ભાઈ કૃણાલપંડ્યાએ RCB તરફથી રમતા ૪ વિકેટ ખેરવી હતી. હાર્દિકની વાત કરીએ તો તેણે IPL ૨૦૨૫માં અત્યાર




સુધીમાં ૧૦ વિકેટ ઝડપી છે અને લગભગ ૧૬૯ના સ્ટ્રાઈક રેટથી ૮૧ રન પણ બનાવ્યા છે. T20માં પંડ્યા સહિત અત્યાર સુધીમાં ૧૧ ખેલાડીઓએ ઓછામાં ઓછા ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટનો ડબલ ધમાલ મચાવી ચૂક્યા છે. પંડ્યાની આ યાદીમાં નવી એન્ટ્રી છે અને તેના સિવાય બાકીના તમામ ખેલાડીઓ વિદેશી છે. આ લિસ્ટમાં સૌથી વધુ ૬૩૧ વિકેટ સાથે કેરેબિયન ખેલાડી ડ્વેન બ્રાવો ટોપ પર છે. તેણે ૬૯૭૦ રન પણ બનાવ્યા છે. શાકીબ અલ હસન : આ ડબલ ધમાલ વાળી યાદીમાં બાંગ્લાદેશનો શાકિબ અલ હસન ૪૯૨ વિકેટ અને ૭૪૩૮ રન સાથે બીજા સ્થાન પર છે. આન્દ્રે રસેલ : વેસ્ટ ઈન્ડિઝના આન્દ્રે રસેલના નામે T20 ક્રિકેટમાં ૪૭૦ વિકેટ અને ૯૦૧૮ રન છે. મોહમ્મદ નબી : અફઘાનિસ્તાનના મોહમ્મદ નબી પણ T20ના ટો ઓલરાઉન્ડરોની યાદીમાં છે. તેણે ૬૧૩૫ રન બનાવ્યા છે અને ૩૬૯ વિકેટ લીધી છે. સમિત પટેલ : આ પ્રતિષ્ઠિત યાદીમાં ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર સમિત પટેલ પણ સામેલ છે. તેણે T20માં ૬૬૭૩ રન બનાવ્યા છે અને ૩૫૨ વિકેટ પણ ઝડપી છે. હાર્દિક પંડ્યાએ RCB સામેની મેચમાં ઈતિહાસ રચ્યો હતો

# બ્રિટનમાં ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યા સામેના કેસમાં ભારતીય બેન્કોનો વિજય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભાગેડુ વિજય માલ્યાને બ્રિટનમાં મોટો ઝાટકો લાગ્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં ભારતીય બેંકોના એક કન્સોર્ટિયમે લંડનમાં વિજય માલ્યા સામેના નાદારીના આદેશને જાળવી રાખવાની કોર્ટ અપીલ જીતી લીધી છે. આ મામલો બંધ થયેલી કિંગફિશર એરલાઈન્સ પાસેથી બાકી લોનની ચુકવણી માટે ચાલી રહેલી લાંબી કાનૂની લડાઈ સાથે જોડાયેલો છે. યુકે મિલ્કતોમાંથી બાકી લોન વસૂલ કરી શકે તે માટે ભારતીય બેંકોએ માલ્યાને નાદાર જાહેર કરવા માટે યુકે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જો કે, માલ્યાએ આ નાદારીના આદેશ સામે અપીલ કરી હતી. હવે બ્રિટિશ કોર્ટે ભારતીય બેંકોના પક્ષમાં નિર્ણય આપ્યો છે. આનાથી માલ્યા સામેનો નાદારીનો આદેશ અકબંધ રહેશે. આ ચુકાદાને પગલે ભારતીય બેન્કોને માલ્યાની બ્રિટનમાં આવેલી



સંપત્તિઓ જપ્ત કરવાની અને તેને વેચીને પોતાનું ઋણ વસૂલવાની મંજૂરી મળશે. ઉલ્લેખનીય છે કે, વિજય માલ્યાને છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપસર ભારતમાં ભાગેડુ અને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. બેન્કો વતી અદાલતમાં ઉપસ્થિત રહેલી કાનૂની પેઢીએ આ ચુકાદા બાદ જણાવ્યું હતુ કે, આ ચુકાદો દર્શાવે છે કે, માલ્યાની અસ્ક્યામતો સામે બેન્કો પાસે કોઈ જામીનગીરી નહોતી, આમ નાદારીની અરજી યોગ્ય હતી.

## વિશેષ

## સુરતની લાજપોર મધ્યસ્થ જેલ, બની શિક્ષણ મંદિર । બંદીવાન શિક્ષક દ્વારા બંદીવાન વિદ્યાર્થીઓને ભણાવી આપ્યું ૧૦૦% રીઝલ્ટ

# મહાત્મા ગાંધી વિદ્યાલય, લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે વર્ષ ૨૦૨૪ દરમિયાન અશિક્ષિત કુલ ૨૬૭ બંદીવાનોને અક્ષરજ્ઞાન આપી સાક્ષર કરવામાં આવ્યા

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત આજે શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહ્યું છે, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો કોઈ પણ નાગરીક શિક્ષણથી વંચિત ન રહે તેવું રાજ્ય સરકારનું હરહંમેશ આયોજન રહ્યું છે. તેવી જ રીતે કેદીઓ પણ શિક્ષણના અધિકારથી વંચિત ન રહે તે માટે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં બંદીવાન કેદીઓને શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય જેલોમાં થઈ રહ્યું છે. જેલમાં પાકા કામના કેદીઓ જે ભણવાની જિજીવિષા ધરાવતા હોય તેવા કેદીઓ માટે લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મહાત્મા ગાંધી વિદ્યાલય બનાવવામાં આવી છે. જેમાં અશિક્ષિત કુલ ૨૬૭ બંદીવાનોને બંદીવાન શિક્ષકો દ્વારા અક્ષરજ્ઞાન આપી સાક્ષર કરવામાં આવ્યા છે, સાથોસાથ જેલમાં રહેલ તણાવયુક્ત અને માનસિક સહકારની જરૂર હોય તેવા નિરક્ષર કુલ ૧૬ બંદીવાનોનું કાઉન્સેલીંગ કરી બંદીવાન દ્વારા શિક્ષા આપી






તેમણે સાક્ષર કરવામાં આવ્યા છે. મહાત્મા ગાંધી વિદ્યાલયમાં પાકા પાયાના કેદીઓને ગુણવત્તાયુક્ત અને સ્માર્ટ શિક્ષણ મળી રહે તે માટે વર્ષ – ૨૦૨૪માં એલ એન્ડ ટી કંપનીના સહયોગથી રૂ.૧૮ લાખના ખર્ચે "ડિજિટલ સ્માર્ટ ક્લાસ રૂમ" તૈયાર કરવામાં આવ્યા. ડિજિટલ સ્માર્ટ ક્લાસનું અનાવરણ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ જેલ ખાતે વર્ષ – ૨૦૨૪-૨૫માં ધો-૧૦ના ૧૬, ધો- ૧૨ના ૯ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સર્ટીફીકેટ કોર્ષમાં ૩૨ કેદીઓઓ મળીને કુલ ૫૭ બંદીવાનોએ અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ જેલની શાળામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ધો ૧૦માં અને ધો ૧૨માં પરીક્ષાનું પરિણામ ૧૦૦% આવ્યું હતું. આ વિદ્યાલયમાં બંદીવાન ભાઈ-બહેનોના સર્વાંગી વિકાસમાં તેમજ માનસ ઘડતરમાં મદદરૂપ થાય તેવા ઉમદા હેતુથી પુરૂષ અને મહિલા વિભાગ માટે અલગ-અલગ લાઈબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. લાઈબ્રેરી વિભાગમાં કેદીઓને બુક્સ ઈસ્યુ કરવા માટે એક સોફ્ટવેર પણ બનાવવામાં આવ્યું છે. જેમાં બંદિવાન કેવા પ્રકારના પુસ્તકો વાંચે છે, તે અંગેનું રેકર્ડ રાખવામાં આવે છે. વિદ્યાલયની લાઈબ્રેરીમાં કુલ ૧૮ હજારથી વધુ પુસ્તકો તેમજ કુલ ૮૬૪ મેગઝીન ઉપલબ્ધ છે. આ શાળામાં અભણ- નિરક્ષર અને વૃધ્ધ કે જેઓ વાંચી નથી શકતા તેવાં બંદિવાનો માટે જેલ ખાતે ઓડીયો લાઈબ્રેરી સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ છે. છેલ્લા બે વર્ષમાં કુલ-૨૦૬૨ જેટલાં બંદીવાનોએ ઓડીયો લાઈબ્રેરી સિસ્ટમનો લાભ લીધો છે. ઉલ્લેખનીય છે કે, દર મહિને આશરે ૨૨૦૦ થી ૨૫૦૦ પુસ્તકોનું સરેરાશ વાંચન બંદીવાનો દ્વારા કરવામાં આવે છે.

ન્યૂઝ બ્રિફ

## સુરતમાં ૧૧૮ રત્ન-કલાકરને મારી નાખવાનો પ્રયાસ

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતમાં ૧૧૮ રત્ન કલાકારોને મારી નાંખવાનો પ્રયાસ થતા ચકચાર મચી છે. આ અંગે સુરત કલેકટર અને મ્યુ. કમિશનર દ્વારા રિપોર્ટ બનાવાયો છે. સમગ્ર મામલે રાજ્ય સરકારને રિપોર્ટ કરવામાં આવ્યો છે. સુરતના કાપોદ્રા વિસ્તારમાં બનેલી આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. તે સિવાય રાજ્ય સરકારનાં હેલ્થ મિનિસ્ટ્રી દ્વારા રિપોર્ટ મંગાવાયો છે. આ સમગ્ર ઘટના અંગે તાત્કાલિક ધોરણે રિપોર્ટ માંગવામાં આવ્યો છે.જેમાં જીસ્ઝ કમિશનર અને કલેકટર દ્વારા સમગ્ર ઘટનામાં રાજ્ય સરકારને રિપોર્ટ કરવામાં આવ્યો છે. ઝેરી પાવડર કયા કારણોસર પીવાના પાણીની ટાંકીમાં નાખવામાં આવ્યો? તેની તપાસ કરવામાં આવી રહી છે. બીજી તરફ સમગ્ર રિપોર્ટ રાજ્ય સરકારને આપવામા આવ્યોઆગામી દિવસોમાં સઘન તપાસ સાથે કાર્યવાહી થાય તેવી શક્યતા સેવાઈ રહી છે.આ બનાવમાં બે દર્દી ICUમાં સારવાર હેઠળ છે. અસામાજિક તત્વએ ફિલ્ટર પ્લાન્ટમાં સલ્ફોસ નાખી દીધુ હોવાનું બહાર આવ્યું છે.પોલીસ અને આરોગ્ય વિભાગની તપાસમાં આ ઘટસ્ફોટ થયો છે. જેને પગલે SMCના કમિશનર અને આરોગ્ય તંત્ર દોડતું થયું છે.સુરતના મેયર પણ હોસ્પિટલ પોહ્ચ્યા તથા શિક્ષણ મંત્રી પ્રફુલ પાન્સેરીયા પણ હોસ્પિટલ પોહ્ચ્યા છે. કારખાનામાં ૧૨૦જેટલા રત્નકલાકાર કામ કરતા હતા.૧૧૮ રત્નકલાકારને પાણી પીધા બાદ ઝેરની અસર થઈ હતી. પીવાના પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં સેલ્ફોસ નામની દાવા નાખી હતી. ઝેરી દવા કોણે અને કેમ નાખી તે એક સવાલ છે?કુલ ૧૧૮ જેટલા રત્ન કલાકારોને અસર થઈ હતી કિરણ હોસ્પિટલની અંદર ૧૦૪ દર્દી ને લાવવામાં આવ્યા હતા.

## સિંગતેલ અને કપાસિયા તેલના ડબ્બાના ભાવ ઘટ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

એક તરફ મોંઘવારી વધી રહી છે, ઘરનો તમામ સામાન મોંઘો થઈ રહ્યો છે, ત્યારે હવે ગૃહિણી માટે સૌથી સારા સમાચાર આવી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો એક તરફ મોંઘવારી વધી રહી છે બીજી તરફ સતત ઘણા સમયથી તેલના ભાવમાં વધારો થઈ રહ્યો હતો. આ બધાની વચ્ચે હવે સમાચાર સામે આવ્યા છે કે, તેલના ભાવમાં ઘટાડો થયો છે. આ તરફ તેલના ભાવમાં ઘટાડાનું મુખ્ય કારણ છે કે સરકારે ટેકાના ભાવે મગફળી વેચવા કાઢી અને ખેડૂતો પાસે હજી ગત સિઝનની મગફળી સ્ટોક હોવાથી ભાવ ઘટ્યા છે. વધતી જતી મોંઘવારી વચ્ચે ખાદ્યતેલના ભાવમાં કડાકો થયો છે. સિંગતેલમાં રૂ.૫૦ અને કપાસિયા તેલના ભાવમાં રૂ. ૪૦નો ઘટાડો નોંધાયો છે. વિગતો મુજબ સિંગતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ રૂ.૨૪૯૦ થયા છે જ્યારે કપાસિયા તેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ રૂ. ૨૨૨૦ છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ડબ્બામાં રૂ. ૨૦૦નો ઘટાડો નોંધાયો છે. મહત્વનું છે કે, ગરમીને કારણે ખાદ્યતેલની ડિમાન્ડમાં ઘટાડો નોંધાયો છે. આ સાથે નવી મગફળીની બમ્પર આવક થતા ખાદ્યતેલના ભાવ ઘટ્યા છે. એક ચર્ચા મુજબ આગામી દિવસોમાં ખાદ્યતેલના ભાવ હજુ ઘટે તેવી શકયતા છે.

### હોમીયોપેથીને દેશની સરકારી હોસ્પીટલોમાં અને વેલનેસ સેન્ટર્સમાં સ્થાન મળ્યું

# દ્વિ દિવસીય હોમીયોપેથી કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ હોમીયોપેથી દિવસે હોમીયોપેથી ચિકિત્સકો, સંશોધકો અને વિદ્યાર્થીઓની બે દિવસની કોન્ફરન્સનો પ્રારંભ કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. આ કોન્ફરન્સનું આયોજન ભારત સરકારના આયુષ મંત્રાલય અને નેશનલ હોમીયોપેથી કાઉન્સીલના ઉપક્રમે ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે. દેશભરના રાજ્યોના હોમીયોપેથી સાથે સંકળાયેલા તબીબો, છાત્રો અને તેમાં રસ ધરાવતા વ્યક્તિઓ-સંગઠનો આ કોન્ફરન્સમાં સહભાગી થવાના છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રિવેન્ટીવ અને પ્રાયમરી હેલ્થકેરને મજબૂત હેલ્થકેર સિસ્ટમની કરોડરજ્જૂ ગણવાતા સ્પષ્ટપણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશમાં હોલીસ્ટીક હેલ્થકેરનું વાતાવરણ ઉભું થયું છે. આના પરિણામે ટેડિશનલ મેડિસીન પ્રત્યેનું મહત્વ અને આકર્ષણ વધ્યાં છે. મુખ્યમંત્રીએ આ અવસરે હોમીયોપેથીના પાયાની રચના કરનારા અને માનવસેવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દેનારા ડો.સેમ્યુઅલ હેનિમેનને ભાવાંજલી આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે અધ્યયન, અધ્યાપન અને અનુસંધાનની થીમ સાથે આયોજીત આ સંમેલન હોમીયોપેથીના વ્યાપ વિસ્તરણમાં મહત્વપૂર્ણ બનશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે સસ્ટેનેબલ હોમીયોપેથી હેલ્થકેર એપ્રોચ ધરાવતી હોમીયોપેથી સહિતની ટ્રેડિશનલ ઉપચાર પદ્ધતિઓને પહેલાં ક્યારેય મહત્વ મળ્યું ન હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં દેશમાં પ્રથમવાર અલાયદું આયુષ મંત્રાલય કાર્યરત કરાવીને આયુર્વેદ, યુનાની, નેચરોપેથી અને હોમીયોપેથીના ક્ષેત્રમાં શિક્ષણ, સંશોધન અને પ્રચારને મહત્વ આપ્યું છે.નેશનલ આયુષ મિશનના માધ્યમથી હોમીયોપેથીને દેશની સરકારી હોસ્પીટલોમાં અને વેલનેસ સેન્ટર્સમાં સ્થાન મળ્યું છે. એટલું જ નહીં હોમીયોપેથીમાં ક્વોલિટી એજ્યુકેશન માટે હોમીયોપેથી સેન્ટ્રલ કાઉન્સીલ એક્ટમાં બદલાવ પણ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં થયો છે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ આયુષમંત્રાલયના પરિણામે દેશના હેલ્થકેર લેન્ડસ્કેપ માં બદલાવો આવ્યાં છે તેની ભૂમિકા આપતાં કહ્યું કે જામનગરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી WHO ગ્લોબલ ટ્રેડિશનલ મેડીસીન સેન્ટર ૫ રંપરાગત ચિકિત્સા પદ્ધતિઓનો નવો માઈલસ્ટોન છે.

### ભાજપના નેતાઓનો ગાડરિયો પ્રવાહ

## હર્ષ સંઘવી સહિતના ભાજપના નેતાઓએ ભાંગરો વાટ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

દેશભરમાં આજે (૧૦ એપ્રિલ)ના રોજ મહાવીર જયંતીની ઉજવણી થઈ રહી છે. દેશભરના નેતાઓ અને હસ્તીઓ ઠ પર મહાવીર જયંતીની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ત્યારે ગૃહ મંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરિયા સહિત ભાજપના અનેક નેતાઓએ ભગવાન મહાવીરના બદલે ભગવાન બુદ્ધનો ફોટો મૂકીને શુભેચ્છા પાઠવીને ભાંગરો વાટ્યો હતો. સોશિયલ મીડિયામાં આ પોસ્ટ વાઈરલ થઈ જતા જૈન સમાજમાં ચર્ચા હતી કે, આઘાતજનક વાત છે કે આપણા નેતાઓને ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ વચ્ચેનો ભેદ પણ ખબર નથી. જો કે, આ ભાંગરો વાટ્યાનું ખબર પડતા કેટલાક નેતાઓએ ભગવાન મહાવીરનો ફોટો મૂકીને ભૂલ સુધારી લીધી હતી. મહાવીર જયંતી નિમિત્તે X પર બુદ્ધનો ફોટો મૂકીને શુભેચ્છા આપનારાની યાદી બહુ લાંબી છે. આ ભૂલ કરનારામાં જીતુ વાઘાણી, ભાવનગરના સાંસદ નીમુબેન બાભણિયા, અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, ધોળકાના ધારાસભ્ય કિરિટસિંહ ડાભી, ખેરાલુના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, ઉંઝાના ધારાસભ્ય કિર્તી પટેલ, જામનગર દક્ષિણના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય મ્યુનિસિપલ કાઉન્સિલર હસમુખ પટેલ (સૈજપુર-બોઘા), ભાજપ સીએ સેલના સભ્ય નરેશ કેલ્લા, સુરત ભાજપના જનરલ સેક્રેટરી કિશોર બિન્દલ સહિતના ભાજપના સ્થાનિક આગેવાનોએ ગાડરિયા પ્રવાહની જેમ ખોટા ફોટો સાથે પોસ્ટ મૂકીને મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી. જો કે, હર્ષ સંઘવીએ X પર પોસ્ટ કર્યા બાદ થોડી વારમાં જ ભૂલ સુધારી દીધી હતી અને જૂનું ટ્વિટ ડીલિટ કરીને મહાવીરના ફોટા સાથે નવું ટ્વિટ કર્યું હતું. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં નવમી એપ્રિલે આયોજિત કાર્યક્રમમાં નવકાર મંત્રનું મહત્ત્વ સમજાવતું ભાષણ આપ્યું હતું, પરંતુ ભાજપના નેતાઓને જ નવકાર મહા મંત્રનો મહિમા તો દૂર, ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ વચ્ચેનો ફરક પણ ખબર નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈ તહેવાર કે વિશેષ દિવસે ઠ પર પોસ્ટ કરીને શુભેચ્છા પાઠવતા હોય છે. ત્યારે ભાજપના નેતાઓમાં ગાડરિયા પ્રવાહની જેમ સૌથી પહેલાં રિટ્વિટ કરવાની હોડ લાગી જાય છે. આ દરમિયાન ભાજપનો સાયબર સેલ પણ ધડાધડ શુભેચ્છા પાઠવવા લાગે છે.

### યુવકને પોલીસની ઓળખ આપીને ઉભો રાખ્યો હતો

## પોલીસની ઓળખ આપી યુવકને માર મારી ઉઠક બેઠક કરાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ શહેરના ઘોડાસર ચાર રસ્તા પાસે બે શખ્સોએ ડેકોરેશનનું કામ કરતા યુવકને પોલીસની ઓળખ આપીને ઉભો રાખ્યો હતો. બાદમાં, "તારા પર મોટો પોલીસ કેસ કરવો પડશે, તું આખી જીંદગી જેલમાં સડીશ, તારા જામીન પણ નહીં થાય" તેમ કહીને ડરાવી ધમકી આપી અને માર માર્યો હતો. બાદમાં પતાવટના નામે રૂપિયા ૨૮ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવી કાન પકડાવીને ઉઠક-બેઠક કરાવી, પોલીસની નામે યુવક પાસેથી રૂપિયા પડાવ્યા હોવાનું જાણવા મળતા તેણે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને ડેકોરેશનનું કામ કરતા યુવકને ડેકોરેશનના કામ માટે શ્રમિકોની જરૂર હોવાથી ૪થી એપ્રિલના દિવસે નારોલ ચાર રસ્તા પાસે શ્રમિકોને લેવા માટે ગયો હતો. પરંતુ, કોઈ શ્રમિક ના મળતા તે ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન ઘોડાસર ચાર રસ્તા પાસે મોટર સાયકલ પર આવેલા બે શખ્સોએ તેને સાઈડમાં ઉભો રાખ્યો હતો અને પોલીસ તરીકેની ઓળખ આપીને "તારા પર મોટો કેસ કરવો પડશે, તું આખી જીંદગી જેલમાં સડીશ, તારા જામીન પણ થશે નહીં અને જેલમાં ના જાવું હોય તો મોટો દંડ થશે", તેમ કહીને બીભત્સ ગાળો બોલી માર માર્યો હતો. બાદમાં, એક શખ્સએ ફરિયાદી યુવકનું જ્યુપિટર લઈ લીધું હતું અને બીજાએ તેને મોટર સાયકલ પર બેસાડીને હોટલ કૌંફી નજીક આવેલ અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા.

જ્યાં આરોપીઓએ ફરિયાદી યુવકને મોબાઈલ ફોન પર કોઈની સાથે વાત કરાવી હતી, જેણે પોલીસ અધિકારી તરીકેની ઓળખ આપીને "જો જેલમાં ના જવું હોય તો એક લાખ રૂપિયા આપવા પડશે", તેમ કહી કેસ પતાવી દેવાની વાત કરી હતી.

### લોકો મૂક પ્રેક્ષક બની જોતા રહ્યા

## સુરત APMCના સિક્યોરિટી ગાર્ડે બે મહિલાને વાળ ખેંચી બેરહેમીથી મારી

### સમગ્ર ઘટના મામલે પુણા પોલીસે વીડિયોના આધારે બંને શખ્સોને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

ગુજરાતના સુરતમાં સિક્યોરિટી ગાર્ડ સહિતના બે શખ્સો જાહેરમાં એક મહિલા અને તેની દીકરીને માર મારી રહ્યા હોવાનો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. જેમાં આરોપીઓ માતા-દીકરીને માથાના વાળ પકડીને ઢસેડી અને લાકડી વડે માર મારી રહ્યાનો વીડિયો સુરત APMCનો હોવાનું સામે આવ્યું છે. બે શખ્સો દ્વારા જાહેરમાં મહિલા પર ક્રૂરતા આચરી રહ્યા છતાં લોકો મૂક પ્રેક્ષક બની જોતા રહ્યા હતા. સમગ્ર ઘટના મામલે પુણા પોલીસે વીડિયોના આધારે બંને શખ્સોને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, રાજ્યમાં સિક્યોરિટી ગાર્ડ સહિતના બે વ્યક્તિઓ એક મહિલા અને તેની દીકરીને બેરહેમી પૂર્વક માર મારી રહ્યા હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. સમગ્ર મામલે પુણા પોલીસે વીડિયોના આધારે તપાસ આદરી હતી. જેમાં વીડિયો સુરત APMCના ગેટ નં.૨ પાસેનો અને ઘટના ૬ એપ્રિલની હોવાનું સામે આવ્યું હતું. આરોપી દ્વારા મહિલા અને દીકરીને મારવાની ઘટનામાં પોલીસને જાણવા મળ્યું હતું કે, મહિલાઓ અવારનવાર શાકભાજીની ચોરી કરતી હોવાની ફરિયાદને ધ્યાન રાખીને મહિલા પર આક્ષેપ કરીને માર મારવામાં આવ્યો હતો.

સમગ્ર ઘટનાને લઈને પુણા પોલીસે વીડિયોને આધારે સીસીટીવી ચકાસીને ૪૮ વર્ષીય અનિલ તિવારી અને ૨૬ વર્ષીય સિક્યોરિટી ગાર્ડ આદિત્યકુમારને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સુરતનો લાલબત્તી સમાન કિસ્સો

## આંતરરાજ્ય ગુનાઓ આચરતો રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં આવ્યો

### આરોપી પકડાતા સુરત અને ગુજરાત સહિત અલગ અલગ રાજ્યના ગુનાઓનો ભેદ ઉકેલવા પામ્યો હતો

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

બેંકો તથા માર્કેટમા રોકડા રૂપિયા જમા કરાવવા આવતા ગ્રાહકોને વાતોમા ભેળવી રોકડા રૂપિયાનું ફ્રોડ કરતો આંતરરાજ્ય ગુનાઓ આચરતો રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં આવ્યો છે. ૫૬ ગુનાઓમાં સંડોવાયેલો આ આરોપીને ઝડપી પાડવામાં સુરત ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી હતી.

આરોપી પકડાતા સુરત અને ગુજરાત સહિત અલગ અલગ રાજ્યના ગુનાઓનો ભેદ ઉકેલવા પામ્યો હતો. આરોપી બિઝનેસમેન અને બેંકર તરીકેનો વેશ ધારણ કરી બેંકો તથા માર્કેટમાં પૈસા ભરવા તેમજ ઉપાડવા આવતા ગ્રાહક ઉપર નજર રાખતો હતો. આ આરોપી કોઈ એક ગ્રાહકને ટાર્ગેટ કરી તેની સાથે વાતચીતમાં તેના માલિક વેપારી સબંધીઓના નામ જાણી લઈ ગ્રાહકને તેના માલિકને પોતે રૂપિયા આપવાના બાકી છે તેવી વાત કરી પોતાના મોબાઈલ ફોનથી તેના શેઠને ફોન લગાવી શેઠ સાથે વાતચીત કરતો હોય તેવું નાટક કરતો હતો. જે બાદ તે વ્યક્તિ પાસેથી રૂપિયા પડાવી લઈ લેતો હતા.ત્યાર બાદ રૂપિયા આપવાના બહાને બેંકની નજીકમાં જ પોતાની ઓફીસ/દુકાન હોવાનું જણાવી ગ્રાહકને લિફટમા બેસાડી લીફટની સ્વીચ દબાવી દઈ ઉપરના પાંચમા છઠ્ઠા માળે મોકલીને ભાગી જવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. જોકે, આ ઈસમ આંતરરાજ્ય ગુનાઓ આચરતા રીઢા ગુનેગારના નામે એક, બે નહીં પણ ૫૬ ગુનાઓમાં સંડોવાયેલો છે. સુરત ક્રાઈમ બ્રાંચને હાલ આરોપી સુરત ખાતે હોવાની માહિતી મળી હતી.

## ગોંડલના ચકચારી રાજ વાડીમાં થયેલા હુમલા મામલે આરોપીઓનો નિર્દોષ છુટકારો

। (એજન્સી) ગોંડલ, તા.૧૦ ।

૧૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ, ગોંડલ ગામમાં રજવાડી તરીકે ઓળખાતી ખૂબ જ કિંમતી જમીન પર કબજો કરવાના ઈરાદે ૧૬ જેટલા આરોપીઓ હથિયાર અને ૧૧૮ જેટલા વાહનો લઈને ધસી આવ્યા હતા અને ઘરમાં ઘણું નુકસાન કરી જમીન પોતે કબ્જે કરી લેશે તેવી ધાકધમકી આપી હતી. વિવાદને લઈને ૨૦૦૩માં વિક્રમસિંહ રાણાની હત્યા થઈ હતી. કેસમાં ૧૬ જેટલા આરોપીઓની ધરપકડ કરી હતી ત્યારે ગોંડલ સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને બચાવ પક્ષની દલીલનાં આધારે નિર્દોષ જાહેર કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગોંડલ ગામમાં રજવાડી તરીકે ઓળખાતી ખૂબ જ કિંમતી જમીન પર કબજો કરવાના ઈરાદે આરોપી જયપાલસિંહ મહિપતસિંહ જાડેજા, ગિરીશભાઈ સંતરામભાઈ અગ્રવાલ, રામભાઈ રણમલભાઈ આહિર, સલ્મીનભાઈ સીરાઉદીન પઠાણ, અજયસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, પ્રદીપસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, રમેશભાઈ ધરમસીભાઈ ઠક્કર, જયરાજભાઈ દોસનભાઈ બસિયા, રાઘવેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ જાડેજા વગેરેએ લાકડીઓ, કુહાડી, પાઈપ, તલવારો અને પિસ્તોલ જેવા હથિયારોથી બનેલી રજવાડી પર કબ્જો કરવાના ઈરાદે પિસ્તોલ અને ૧૧૮ વાહનો સાથે વાડીમાં ઘૂસ્યા હતા. તેમજ હવામાં પિસ્તોલ તાકીને ટેલિફોન, ટેલિવિઝન અને બારીઓને નુકસાન પહોંચાડ્યું હતું. આરોપીઓએ તે જગ્યા પર તોડફોડ કરી અને એમ પણ કહ્યું કે આ વાડી અમારા બાપની છે અને જો કોઈ તેના પર કબ્જો કરવા આવશે તો અમે તેને અહીંથી જીવતો જવા નહીં દઈએ. આ ઘટનાથી ડરી રામજીભાઈ પ્રાગજીભાઈ મારકાણાની ફરિયાદના આધારે ગોંડલ પોલીસે ગુનો નોંધ્યો હતો. વિવાદને લઈને ૨૦૦૩માં વિક્રમસિંહ રાણાની હત્યા થઈ હતી, કિમતી જમીન મુદ્દે અનેક વાર લોહિયાળ જંગ ખેલાયો હતો. કોટડાસાંગાણી રોડ પર રાજવી પરિવારની જમીન આવેલી છે. આ કરોડોની જમીન રાજવી ગુણાદિત્યસિંહ (ઘનાબાપા)ની છે. આ કેસમાં ૧૬ જેટલા આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલ ૧૬ પૈકી ૩ આરોપીઓના મૃત્યુ થયા છે.

### મહેસાણાના સ્પે.પોક્સો જજે સજા ફટકારી

## સગીરાની હત્યા કરનારા સાંથલના યુવકને આજીવન કેદની સજા

### આ કેસમાં સરકારી વકીલે કોર્ટ સમક્ષ ૨૪ જેટલા પુરાવા રજૂ કર્યા હતા અને ૧૭ સાક્ષી તપાસ્યા હતા

। (એજન્સી) મહેસાણા, તા.૧૦ ।

સાંથલ ગામે રહેતો મહેન્દ્ર ઉર્ફે કાળીયો અમરતભાઈ રાવળ વર્ષ ૨૦૨૨માં એક સગીરાને પ્રેમ સંબંધ રાખવાનું કહીંને હેરાન કરતો હતો. દસેક દિવસ સુધી ચાલેલી તેની આ હરકત અંગે સગીરાએ પરિવારજનોને જાણ કરતાં તા.૨૮-૦૮-૨૦૨૨ના રોજ તેણીના પરિવારજનોએ મહેન્દ્ર ઉર્ફે કાળિયાના ઘરે જઈને તેને ઠપકો આપતાં તેણે સગીરાને પતાવી દેવાની અને તેના ટુકડે ટુકડા કરી દેવાની ધમકી આપી હતી. બીજા દિવસે તા.૨૯-૦૮-૨૦૨૨ના રોજ સવારે સગીરા તેના ઘર આગળ ચોકડીમાં બ્રશ કરતી હતી ત્યારે મહેન્દ્ર લોખંડનું ધારિયું લઈને ત્યાં આવ્યો હતો અને તું મારી સાથે પ્રેમ સંબંધ રાખતી નથી એટલે તને જીવવા દેવી નથી તેમ કહીં સગીરના માથા અને મોઢા ઉપર ધારિયાના ઘા મારવા લાગ્યો હતો.

સગીરાનું માથું ફાટી જવા સહિત ગંભીર ઈજાઓ સાથે લોહીલુહાણ હાલતમાં તે નીચે પડી ગઈ હતી. ઘરે હાજર સગીરાને બહેન-બનેવીએ તેની નજીક જવાનો પ્રયાસ કરતાં મહેન્દ્રએ તેમની સામે પણ ધારિયું ઉગામતાં તેમણે બુમાબુમ કરી દીધી હતી અને મહેન્દ્ર ઉર્ફે કાળીયો ત્યાંથી નાસી ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત સગીરાને સારવાર માટે મહેસાણા સિવિલમાં લઈ ગયા બાદ અમદાવાદ લઈ જવાતી હતી ત્યારે રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. આ બાબતે સાંથલ પોલીસ મથકે હત્યા અને પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

